નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ | Date :30 JANUARY 2025 | THURSDAY | Page :8 | Year : 2 | Issue :254 | Price: 2/-






નવો રીંગ રોડ હવે ફોર ટ્રેક બનશેઃ ત્રણ પુલની જગ્યાએ નવા બ્રિજ બાંધવાની દરખાસ્ત


જુઓ પેજ નં.૬


# મહાકુંભમાં ધક્કામુક્કીથી 30નાં મોત

## VVIP પાસ કેન્સલ, વન-વેનો અમલ, નો વ્હિકલ ઝોન જાહેર, નાસભાગ બાદ મહાકુંભમાં મહત્ત્વના ફેરફાર

- એક જ સમયે પવિત્ર શાહી સ્નાન માટે કરોડો લોકોની પડાપડીથી કરુણાંતિકા સર્જાઇ
- સ્નાન કરી પરત ફરી રહેલા અને સંગમ ઘાટ જઇ રહેલા સામસામે આવી ગયા, નીકળવાનો કોઇ રસ્તો ના રહેતા બેરિકેડ્સ તૂટયા અને નાસભાગ થઇ
- ઘટનાની ન્યાયિક તપાસ થશે, નિવૃત્ત ન્યાયાધીશની આગેવાનીમાં કમિશન રચાયું, મૃતકોના પરિવારને ૨૫ લાખની સહાયની યોગીની જાહેરાત
- મૌની અમાસનું મુહૂર્ત રાત્રે શરૂ થતા દસ કરોડ લોકોનો એક સાથે ધસારો, અસંખ્ય લોકો સામે વ્યવસ્થા ટૂંકી પડી
- ૧. નો વ્હિકલ ઝોન - હવે મેળાના ક્ષેત્રમાં તમામ પ્રકારના વાહનો પર પ્રતિબંધ રહેશે
- ૨. VVIP પાસ રદ - કોઈ પણ પ્રકારના વિશેષ પાસની મદદથી વાહનને એન્ટ્રી નહીં મળે.
- ૩. વન-વે - શ્રદ્ધાળુઓની સુચારુ અવર-જવર માટે વન-વે રોડ પોલિસી લાગુ
- ૪. બોર્ડર પર નાકાબંધી - પ્રયાગરાજ સાથે સંકળાયેલા જિલ્લાઓથી આવતા વાહનોને સરહદે જ અટકાવી દેવાશે.
- ૫. ફોર વ્હિલર પર બેન - શહેરમાં ફોર વ્હિલરની એન્ટ્રી પર પ્રતિબંધ રહેશે.





પ્રયાગરાજ : ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં યોજાયેલા મહાકુંભમાં સંગમ સ્થળે મૌની અમાસના પવિત્ર શાહી સ્નાન માટે એક સાથે કરોડો લોકો વચ્ચે પડાપડી થઇ હતી, જેને કારણે ધક્કામુક્કી થતા 30 લોકોના મોત નિપજ્યા હતા જ્યારે ૬0થી વધુ લોકો ઘવાયા છે. ઘાયલોમાં કેટલાકની સ્થિતિ ગંભીર હોવાથી મૃત્યુઆંક વધી શકે છે. નાસભાગને કારણે અનેક લોકો પોતાના સ્વજનોથી વિખૂટા પડી ગયા હતા. ઘટના સ્થળે ચારેય બાજુ અફરા તફરીનો માહોલ હતો. પોલીસના જણાવ્યા મુજબ ધક્કામુક્કીની આ ઘટના મંગળવારનો દિવસ પૂર્ણ થયા બાદ રાત્રે એકથી બે વાગ્યાની વચ્ચે બની હતી. ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં મહાકુંભમાં સંગમ સ્થળે પવિત્ર સ્નાન માટે સામાન્ય દિવસોમાં પણ લાખો લોકો આવી રહ્યા હતા, જ્યારે બુધવારે ૨૯મીએ મૌની અમાસ હોવાથી આ સમયે કરાયેલા સ્નાનને વધુ પવિત્ર માનવામાં આવે છે. જેને પગલે આ દિવસે સ્નાન કરવા માટે કુંભ મેળામાં અગાઉ કરતા બેગણા લોકો આવી પહોંચ્યા હતા.

આશરે ૧૦ કરોડ લોકોના આવવાની શક્યતા હોવાથી તે પ્રકારની વ્યવસ્થા પ્રશાસન દ્વારા કરાઇ હતી. સ્નાનના સ્થળે પહોંચવા માટે નિયમ મુજબ ગાઇડલાઇન જાહેર કરાઇ હતી જેનું પાલન કરવા માટે લાઉડ સ્પીકર પર પ્રશાસન દ્વારા લોકોને સૂચના અપાઇ રહી હતી. જોકે સ્નાન માટેના સંગમ ઘાટ પર ભીડને કાબુ કરવી મૂશ્કેલ થઇ ગઇ એટલી મોટી સંખ્યામાં લોકો ઉમટી પડયા હતા. બુધવાર એટલે કે મૌની અમાસની શરૂઆત રાત્રે ૧૨ વાગ્યા પછી થઇ હતી, ૧૨ વાગ્યા બાદ જ ભીડ વચ્ચે ધક્કામુક્કી શરૂ થઇ ગઇ હતી.

એક વાગ્યા બાદ ભીડ એટલી બધી વધી ગઇ હતી કે તેને કાબુ કરવી મુશ્કેલ થઇ ગયું હતું, ભીડને રોકવા માટે સંગન ઘાટ પર બેરિકેડ્સ પણ લગાવાયા હતા, અચાનક એક બેરિકેડને તોડી પાડવામાં આવ્યું અને મોટી સંખ્યામાં લોકો ત્રિવેણી સંગમ સ્થળે ધસી ગયા, જે દરમિયાન કેટલીક મહિલાઓ બેભાન થઇ ગઇ, જેને જોતા જ બાદમાં અફરા તફરી ફેલાઈ ગઇ અને નાસભાગ થવા લાગી.

## ધક્કામુક્કી બાદ અનેક ગુમ, ઘાયલોની સંખ્યા ૬0ને પાર

પ્રયાગરાજ : ઉત્તર પ્રદેશના ગોંડાના રહેવાસી જોખૂ રામે મીડિયાને જણાવ્યું હતું કે તેના પરિવારના ૧૦ લોકો ગંગામાં ડુબકી લગાવવા મહાકુંભ આવ્યા હતા. પરિવારના લોકો ધક્કામુક્કીનો શિકાર બન્યા હતા અને મારા કાકાનું મોત નિપજ્યું છે જ્યારે નાના ભાઈના સાંસુ હજુ પણ ગૂમ છે.

## પુત્ર કુંભની સુરક્ષામાં તૈનાત, માતાનું મોત

પ્રયાગરાજ : પ્રયાગરાજના મહાકુંભમાં ધક્કામુક્કીમાં પલામૂની એક મહિલાનું પણ મોત નિપજ્યું છે. મૃતક મહિલાનું નામ ગાયત્રી દેવી છે, બીજી તરફ ગાયત્રી દેવીનો પુત્ર કુંભમાં સુરક્ષા માટે તૈનાત છે. ગાયત્રી દેવી ૨૭ જાન્યુઆરીએ કુંભમાં સ્નાન કરવા માટે રવાના થઇ હતી, મંગળવારે મોડી રાત્રે જ્યારે પુત્ર કુંભ મેળાની સુરક્ષા કરી રહ્યો હતો ત્યારે માતા ગાયત્રી દેવી ધક્કામુક્કીમાં અડફેટે આવી ગઇ હતી. માતાના મૃત્યુના સમાચાર મળતા પુત્ર ભાંગી પજ્યો છે. હાલ પરિવારજનો મૃતદેહને પલામૂ લાવી રહ્યા છે.



## તંત્રી લેખ
–રાજેશ યુ. બગડાઈ

# દિલ્હીમાં રેવડીની રેલમછેલ



મહારાષ્ટ્ર વિધાનસભાની ૨૮૮ બેઠકોમાં બહુમતી મેળવવા માટે ભારતીય જનતા પક્ષે જેટલા તનતોડ પ્રયાસો કર્યા હતા તેનાથી વધુ મહેનત દિલ્હીની માત્ર ૭૦ બેઠકો જીતવા માટે કરી રહ્યો છે. ચૂંટણી વ્યૂહરચનામાં આમ આદમી પાર્ટી દેશના મુખ્ય રાજકીય પક્ષો ભાજપ અને કોંગ્રેસ કરતાં વધુ આઈડિયા ધરાવતી પાર્ટી સાબિત થઇ રહી છે. દેશમાં મતદારોને વીજળી-પાણી મફત આપવાના ટ્રેન્ડની શરૂઆત કરનારી આમ આદમી પાર્ટીના પગલે દેશના અન્ય રાજકીય પક્ષો પણ ચાલી રહ્યા છે.

હવે તો દરેક વિધાનસભા મહાભારતના યુદ્ધની જેમ લડાય છે. દરેક પક્ષ પોતાની પાસે વધુ રાજ્યોનો કબ્જો આવે તેમ ઇચ્છે છે. દિલ્હી વિધાનસભા જીતવાની ચડસાચડસી જોતાં એમ કહી શકાય કે અંતિમ દિવસોમાં મતદારો માટે ઔર વધુ રાહતો અને મફત સવલતોની સ્કીમો જાહેર થઈ શકે છે.

મતદારોને મફત સવલતો આપીને જીતી લેવાના ટ્રેન્ડને લગભગ બધા રાજકીય પક્ષોએ અપનાવી લીધો છે. ચૂંટાયા પછી મફત સવલતોનો પૈસો ક્યાંથી આવશે અને તેનાથી રાજ્યોની તિજોરી પર કેવો ભાર પડશે તે બાબતે કોઇ રાજકીય પક્ષ ખુલાસો કરવા તૈયાર નથી, કેમ કે એમને તો કોઇ પણ રીતે દિલ્હી સર કરવું છે.

મતદારોને મફત સવલતો આપવાની પ્રથા ખોટી છે એમ સૌ કોઈ જાણે છે છતાં રાજકીય પક્ષો મફત સવલતોની ગંગામાં ડૂબકી મારવાનું ચૂકતા નથી. મહિલા મતદારોને આકર્ષવા વિવિધ સ્કીમો મુકાઈ રહી છે, જેમ કે વિધવા સહાય યોજના, ઘર ચલાવતી મહિલાઓમાટે સ્કીમ, ભણતી દીકરીઓને લેપટોપ-સાઇકલ આપવા વગેરે. મહિલાઓના ખાતામાં સરકારી સહાય સીધી જ જમા થઈ જશે તેવી ખાતરી અપાય છે. આ ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફરની રકમમાં પણ વધારો થઇ રહ્યો છે.

આવી સ્કીમો જાહેર કરનારાં આઠ રાજ્યોની તિજોરી પર કુલ ૧.૫ લાખ કરોડનો બોજો પડયો છે. કેટલાંક રાજ્ય આ ખર્ચનો પહોંચી વળે છે, જ્યારે બાકીના રાજ્યોએ દેવામાં વધારો કરવો પડે છે. સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાએ એક અહેવાલમાં જણાવ્યું છે કે ઓડિસા જેવું રાજ્ય મહિલાઓને સહાય આપતી સ્કીમને પહોંચી વળે છે. ઓડિસામાં નોન ટેક્સ રેવન્યુ વધારે હોવાથી તેણે કેન્દ્ર પાસે હાથ લંબાવવો પડતો નથી.

જોકે અન્ય રાજ્યોને નાણાખાધની ચિંતા સતાવતી રહે છે. ઉદાહરણ તરીકે, કર્ણાટકમાં દરેક કુટુંબની વડીલ મહિલાને ગૃહલક્ષ્મી સ્કીમ હેઠળ દર મહિને ૨,૦૦૦ રૂપિયા ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર હેઠળ ચૂકવવામાં આવે છે. તેના માટે ૨૮,૬૦૮ કરોડ ફાળવવામાં આવ્યા છે, જે રાજ્યની આવકના ૧૧ ટકા જેટલા છે.

એવી જ રીતે પશ્ચિમ બંગાળમાં લક્ષ્મીર ભંડાર સ્કીમ ચાલે છે, જેમાં આર્થિક રીતે નબળા વર્ગની મહિલાને એક સમયની ગ્રાન્ટ તરીકે ૧,૦૦૦ રૂપિયા અપાય છે. આ સ્કીમ માટે મમતા સરકારે ૧૪,૪૦૦ કરોડ ફાળવ્યા છે, જે રાજ્યની આવકના ૬ ટકા જેટલી થાય છે. દિલ્હીમાં કુટુંબની વડીલ પ્રૌઢાને દર મહિને ૧,૦૦૦ રૂપિયા દિલ્હી મુખ્યમંત્રી મહિલા સન્માન યોજના સહાય હેઠળ આપવામાં આવે છે. તેના માટે મહિને ૨,૦૦૦ કરોડ રૂપિયાની જરૂર પડે છે. આ રકમ દિલ્હીની આવકના ત્રણ ટકા જેટલી છે. હવે જેમ જેમ રાજ્ય વિધાનસભાની ચૂંટણી નિકટ આવતી જશે તેમ તેમ મહિલાઓના મત મેળવવા વિવિધ સ્કીમો જાહેર થતી રહેશે. આવી સ્કીમો સરકારની તિજોરી પર ભારરૂપ છે છતાં કોઇ રાજકીય પક્ષ પોતાનો અભિગમ બદલવા તૈયાર નથી. અરવિંદ કેજરીવાલે મફત સવલતો આપવાનું પગલું ભરીને સત્તા મેળવી ત્યારે ભાજપના નતાઓએ, ખાસ કરીને વડાપ્રધાન મોદીએ, આ પ્રથાને રેવડી કલ્ચર કહીને ટીકા કરી હતી.

# કુંભ દુર્ઘટના ત્રણ કલાકમાં ચાર વખત યોગી સાથે વાત કરતા મોદીઃ સ્થિતિ પર સતત નજર નવા સુરક્ષા ઉપાયો આવશે



લખનૌ પ્રયાગરાજના મહાકુંભમાં મંગળવારની રાત્રીના સર્જાયેલી ભાગદોડમાં ખબર મળતા જ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ પ્રથમ ચાર કલાકમાંજ મુખ્યમંત્રી શ્રી યોગી આદીત્યનાથ સાથે ચાર વખત વાતચીત કરી હતી અને કેન્દ્રની તમામ સહાયની ખાતરી આપી હતી. વડાપ્રધાન શ્રી મોદીએ સમગ્ર ઘટનાક્રમની સમીક્ષા ઉચ્ચ અધિકારીઓ સાથે કરી હતી અને હજું કુંભમાં વધુ લોકો ઉમટશે તે જોતા વધારાના કયા સુરક્ષા ઉપાયો જરૂરી છે તે અંગે પણ એક અહેવાલ આપવા તાકીદ કરી છે. શ્રી મોદી તા.૮ના રોજ કુંભ સ્નાન કરવા જઈ રહ્યા છે તે જોતા આગામી દિવસોમાં તે અંગે પણ તૈયારી થશે. પ્રયાગરાજ મહાકુંભમાં ભાગદોડથી સર્જાયેલી કરૂણ દુર્ઘટનાને પગલે રાજયથી માંડીને કેન્દ્ર સરકાર તાબડતોડ એકશનમાં આવી ગઈ છે. મુખ્યમંત્રી યોગી આદીત્યનાથે સીનીયર અધિકારીઓ સાથે તાકીદની બેઠક કરીને બંદોબસ્ત વ્યવસ્થાની સમીક્ષા કરી હતી. હવે ડ્રોનથી દેખરેખ રાખવાનો નિર્દેશ કર્યો હતો. ભીડ માલુમ પડયે વધારાના જવાનો તૈનાત કરવાની સૂચના આપી હતી. લોકોને પણ સંગમ નાકા તરફ જવાનો આગ્રહ નહીં રાખવા તથા જયાં હોય ત્યાં જ ગંગા સ્નાન કરી લેવાનો અનુરોધ કર્યો હતો. પ્રયાગરાજના કુંભમેળામાં મૌની અમાવસ્યા પર કરોડો ભક્તોની ભીડમાં નાસભાગ થતાં અનેક જાનહાનિ થવાની આશંકા છે. તે જ સમયે, આ અકસ્માતમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઘાયલ થયા હોવાનું કહેવાય છે. આ ઘટના બાદ અખાડાઓએ કેટલાક કલાકો સુધી અમૃત સ્નાન રદ્દ કરી દીધું હતું. દરમિયાન, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે અમૃત સ્નાન માટે સંગમમાં આવતા શ્રદ્ધાળુઓને ખાસ અપીલ કરી છે.

મુખ્યમંત્રી યોગીએ ભક્તોને માતા ગંગાના નજીકના ઘાટ પર સ્નાન કરવા અને સંગમ નાક તરફ જવાનો પ્રયાસ ન કરવાની અપીલ કરી છે. વહીવટીતંત્રની સૂચનાઓનું પાલન કરો અને વ્યવસ્થા કરવામાં સહકાર આપો. કોઈપણ અફવા પર ધ્યાન ન આપો.નાસભાગની ઘટના બાદ સંગમમાં આવતા ભક્તોને સંતો-મુનિઓ દ્વારા ખાસ અપીલ કરવામાં આવી રહી છે.

# હરિયાણા સરકાર યમુનાના પાણીમાં ઝેર ભેળવે છેઃ કેજરીવાલે

## કેજરીવાલનાં નિવેદન પર હરિયાણા મુખ્યમંત્રી ગુસ્સે જો કેજરીવાલ માફી નહિ માંગે તો માનહાનિનો દાવો કરશે

નવી દિલ્હીઃ દિલ્હી અને પંજાબનાં મુખ્યમંત્રીએ ચૂંટણી પંચને ફરિયાદ મેમોરેન્ડમ મોકલ્યો છે. આમ આદમી પાર્ટીએ એવો આક્ષેપ કર્યો હતો કે હરિયાણાથી દિલ્હી સુધી પ્રાપ્ત થતાં યમુનાના પાણીમાં એમોનિયાની માત્રામાં વધારો થયો છે, જે દિલ્હીમાં ચાલી રહેલી ચૂંટણી દરમિયાન દિલ્હીમાં પાણી પુરવઠાને પ્રતિકૂળ અસર કરી રહ્યો છે. તેનાં પરિણામો ગંભીર હોઈ શકે છે.

વિધાનસભાની ચૂંટણીઓને પણ અસર કરી શકે છે. આમ આદમી પાર્ટી કહે છે કે હરિયાણાથી આવતાં પાણીમાં એમોનિયાની ઉચ્ચ માત્રાને કારણે, દિલ્હીનાં ત્રણ પાણી પુરવઠા પ્લાન્ટ્સ બંધ થવાની આરે પહોંચી ગયાં છે અને પાણીની કટોકટી શરૂ થઈ છે. આયોગે હરિયાણા સરકારને મંગળવારે બપોરે ૧૨ વાગ્યા સુધીમાં આ મામલા અંગે તથ્યપૂર્ણ અહેવાલ આપવા જણાવ્યું છે.

તે જ સમયે, મુખ્યમંત્રી નાઇબ સિંહ સૈની અને હરિયાણા ભાજપે કેજરીવાલના આક્ષેપો પર માફી માંગે નહિ તો માનહાનિનો કેસ કરવા ચીમકી આપી છે. તે જ સમયે, હરિયાણા સરકારનાં મંત્રીઓ અને ધારાસભ્યોએ આજે કેજરીવાલનાં આક્ષેપોનો વિરોધ કરવા પંચકુલાના બેલાવિસ્તા ચોકમાં કેજરીવાલનાં પુતળાને બાળી નાખ્યો હતો. કેજરીવાલના આક્ષેપો પર, સીએમ નાયબ સિંહ સૈનીએ કહ્યું કે દિલ્હી જલ બોર્ડનાં ઇજનેરોએ પાણીને દિલ્હી આવવાનું રોકી દીધું, તેઓને ખબર પડી કે તેમાં ઝેર છે.



### ગ્લોબલ ફાયર પાવર ઈન્ડેક્સે શકિતશાળી હવાઈ દળની યાદી જાહેર કરી

# વિશ્વની ટોપ ટેન શકિતશાળી વાયુસેનામાં ભારત ચોથા ક્રમે

નવીદિલ્હી,તા.૨૯

વિશ્વની ૧૦ સૌથી શક્તિશાળી વાયુસેનાની રેન્કિંગ જાહેર કરવામાં આવી છે. . વેબસાઈટે તેને પ્રકાશિત કર્યું છે. તાજેતરમાં પ્રકાશિત થયેલા અહેવાલમાં, રેન્કિંગ ફાઇટર જેટ, હેલિકોપ્ટર અને સપોર્ટ એરક્રાફ્ટ સહિતના દેશોના કબજામાં રહેલા એરક્રાફ્ટની યાદી પર આધારિત છે.ખાસ વાત એ છે કે, ભારતીય વાયુસેનાનું નામ વિશ્વની ટોપ-૫ સૌથી શક્તિશાળી વાયુસેનામાં સામેલ છે. આ સાથે ભારતના દુશ્મન દેશ પાકિસ્તાનની એરફોર્સનું રેન્કિંગ પણ આપવામાં આવ્યું છે. રિપોર્ટ અનુસાર અમેરિકાની વાયુસેનાને વૈશ્વિક રેન્કિંગમાં વિશ્વની સૌથી મજબૂત વાયુસેનાનો ખિતાબ મળ્યો છે. આ પછી રશિયા અને ચીન અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને છે. ભારતીય વાયુસેના ચોથા સ્થાને અને દક્ષિણ કોરિયા પાંચમા સ્થાને છે. રિપોર્ટમાં યુએસ સૈન્યને બેજોડ ગણાવ્યું છે, જેમાં રશિયા, ચીન, ભારત, દક્ષિણ કોરિયા અને જાપાનની સંયુક્ત હવાઈ ક્ષમતા કરતાં વધુનો કાફલો છે. જાપાનની વાયુસેના છઠ્ઠા સ્થાને છે. યુએસ એરફોર્સ પાસે ૫૭૩૭ હેલિકોપ્ટર, ૧૮૫૪ ફાઈટર જેટ અને ૩૭૨૨ સપોર્ટ એરક્રાફ્ટ છે. તેનું વાર્ષિક બજેટ ૮૦૦ બિલિયન છે, જે વૈશ્વિક લશ્કરી ખર્ચના લગભગ ૪૦ ટકા છે. રશિયાની હવાઈ દળ અમેરિકાની હવાઈ શક્તિ કરતા ત્રીજા ભાગની છે. રશિયા પાસે ૪૨૯૨ એરક્રાફ્ટ છે, જેમાં ૮૦૯ ફાઈટર જેટ, ૧૫૫૪ હેલિકોપ્ટર અને ૬૧૦ સપોર્ટ એરક્રાફ્ટ સામેલ છે. ત્રીજા સ્થાને રહેલું ચીન તેના હવાઈ આધુનિકીકરણમાં ભારે રોકાણ કરી રહ્યું છે.

ભારતીય વાયુસેના ૨૨૨૯ એરક્રાફ્ટ સાથે વિશ્વની ચોથી સૌથી શક્તિશાળી સેના તરીકે જાણીતી છે. ભારતીય વાયુસેના પાસે ૫૩ ફાઇટર જેટ, ૮૯૯ હેલિકોપ્ટર અને ૮૩૧ સપોર્ટ એરક્રાફ્ટ છે. પાંચમા સ્થાને રહેલી દક્ષિણ કોરિયાની વાયુસેના પાસે કુલ ૧૫૯૨ એરક્રાફ્ટ છે. તે જ સમયે, રેન્કિંગમાં છઠ્ઠા ક્રમે રહેલા જાપાન પાસે કુલ ૧૪૪૩ એરક્રાફ્ટ છે. ભારતની એર પાવરની સરખામણીમાં પાકિસ્તાન ઘણું પાછળ છે. પાકિસ્તાન વૈશ્વિક એરપાવર રેન્કિંગમાં ૧૩માં ક્રમે છે, ભારતથી ત્રણ પોઈન્ટ પાછળ છે, પરંતુ વિમાનોની સંખ્યામાં તે ઘણું પાછળ છે. પાકિસ્તાન પાસે કુલ ૧૩૯૯ એરક્રાફ્ટ છે, જેમાં ૩૨૮ ફાઈટર જેટ, ૩૭૩ હેલિકોપ્ટર અને ૭૫૦ સપોર્ટ એરક્રાફ્ટ સામેલ છે. આ પછી ઈજીપ્ત ૧૦૯૯ એરક્રાફ્ટ સાથે સાતમા સ્થાને, તુર્કિયે ૧૦૮૩ એરક્રાફ્ટ સાથે અને ફ્રાન્સ ૯૭૬ એરક્રાફ્ટ સાથે ૧૦મા સ્થાને છે.

# દિલ્હી માટે કોંગ્રેસનો ચૂંટણી ઢંઢેરો દર મહિને મહિલાઓને ૨૫૦૦ , યુવાનોને એપ્રેન્ટિસશીપ

નવી દિલ્હી દિલ્હી વિધાનસભાની ચૂંટણી પહેલાં, કોંગ્રેસે ચૂંટણી ઢંઢેરો બહાર પાડયો છે. કોંગ્રેસે પણ લોકોને ૫ ગેરંટીઓ આપી છે. આ દરમિયાન, કોંગ્રેસે દિલ્હી સરકાર પર ભારે હુમલો કર્યો છે. કોંગ્રેસે તેનાં ધોષણા પત્રમાં મહિલાઓ અને યુવાનો માટે અનેક વચનો આપ્યાં છે.કોંગ્રેસના નેતા જયરામ રમેશે કહ્યું કે તમામ પક્ષો આજે આ ગેરંટીનો ઉપયોગ કરી રહ્યાં છે. પ્રથમ વખત, કોંગ્રેસ પાર્ટીએ કર્ણાટકની ચૂંટણી દરમિયાન આ શબ્દ ગેરંટીનો ઉપયોગ કર્યો, અમે લોકોને સંદેશ આપવાની ઈચ્છા રાખીએ કે કોંગ્રેસ જે કહે છે તે કરે છે. આ ગેરંટી ફક્ત પાર્ટીની જ નથી, પરંતુ તે લોકોનો અધિકાર છે. કોંગ્રેસે દિલ્હી માટે તેની ૫ ગેરંટી આપી છે જે પૂર્ણ થશે.કોંગ્રેસ મેનિફેસ્ટોમાં પ્યારી દીદી યોજના, જીવન રક્ષા યોજના, યુથ ફ્લાઈટ સ્કીમ, ફુગાવા -ફ્રી સ્કીમ અને ફ્રી પાવર સ્કીમ શામેલ છે. કોંગ્રેસે દિલ્હીઓને આ પાંચ બાંયધરી આપી છે જેમાં દરેક ગરીબ કુટુંબની મહિલાને દર મહિને ૨૫૦૦ રૂપિયા, દિલ્હીનાં તમામ રહેવાસીઓ ૨૫ લાખ રૂપિયા સુધી મફત સારવાર આપશે. તેમાં મફત દવાઓ અને તપાસ શામેલ હશે.

બધા બેરોજગાર યુવાનો જાહેર અથવા ખાનગી ક્ષેત્રમાં એક વર્ષ એપ્રેન્ટિસશીપ આપશે, જે દરમિયાન તેમને દર મહિને ૮૫૦૦ રૂપિયા મળશે. ૫૦૦ રૂપિયાનો એલપીજી સિલિન્ડર,દર મહિને, ૫ કિલો ચોખા, ૨ કિલો ખાંડ, ૧ કિલો રસોઈ તેલ જેવા વચનો આપ્યાં છે. નવી દિલ્હી દિલ્હી વિધાનસભાની ચૂંટણી પહેલાં, કોંગ્રેસે ચૂંટણી ઢંઢેરો બહાર પાડયો છે.


# પી.જી. મેડીકલમાં ડોમીસાઈલ અનામત નહીઃ સુપ્રીમ

નવી દિલ્હી,તા.૨૯

સર્વોચ્ચ અદાલતે દેશમાં મેડીકલ કોલેજોમાં પોષ્ટ ગ્રેજયુએશન (પીજી) માટે એડમીશન માટે એક મહત્વના ચૂકાદામાં ફકત મેરીટના આધારે જ પ્રવેશ નિશ્ચિત કર્યા છે અને ખાસ કરીને ડોમિસાઈલના આધારે જે કવોટા નિશ્ચિત થતો હતો તે રદ કર્યા છે.સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, ડોમીસાઈલ આધારિત જે પ્રવેશ વ્યવસ્થા છે તે ગેરબંધારણીય છે અને બંધારણની કલમ ૧૪ જે છે તેનો ભંગ કરે છે. મેડીકલ પીજીની નીટ પરિક્ષામાં રાજયોના કવોટા જે તે રાજયના મૂળ રહેવાસીઓ માટે નિશ્ચિત થાય છે તેને ગેરબંધારણીય ગણાવાઈ છે.સુપ્રીમ કોર્ટે રાજયના મૂળ રહેવાસી- ડોમિસાઈલ માટે જે ખાસ બેઠકોની જોગવાઈ છે તે રદ કરી હતી. સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિ ઋષિકેશ રોયની ખંડપીઠે જણાવ્યુ હતું કે, આપણે બધા ભારતના જ રહેવાસીઓ છીએ અને રાજય કે પ્રાદેશિક ડોમીસાઈલ જેવું કશુ નથી. ફકત એક જ ડોમીસાઈલ છે અને તે ભારતના સૌ વતની છે.સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, ભારતના દરેક નાગરિકને બંધારણની કલમ ૧૯ હેઠળ દેશના કોઈપણ હીસ્સામાં રહેલા વેપાર-રોજગાર માટે અને નોકરી કરવાનો અધિકાર છે.

નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Dt.30/1/2025 THURSDAY 04





## એક તીર દો નિશાન.... રાજકીય સાથે સહકારી ક્ષેત્રે પણ નિશાન

# અમરેલી બાદ રાજકોટ ભાજપમાં લેટરકાંડ! ઈરાદો શું? આંતરિક ધમાસાણ

**નનામા પત્રમાં જીલ્લા ભાજપ પ્રભારીને નિશાન બનાવીને લોધિકા સંઘને પણ ઝપટમાં લેતા કાર્યકરોથી માંડીને નેતાઓમાં અટકળોનો દોરઃ લડાઈ ગાંધીનગરની હોવાની અને નિશાન રાજકોટમાં તકાયું પ્રદેશકક્ષા સુધી પ્રત્યાઘાતો પડવાના ભણકારા લેટર પ્રદેશમાં જ મોકલાયો અને પછી વાયરલ થયાની ચર્ચા**

રાજકોટ તા.૨૯

અમરેલી ભાજપમાં લેટરકાંડના પ્રત્યાઘાતો હજુ શાંત પડયા નથી ત્યાં હવે રાજકોટમાં પત્રબોંબ ફોડવામાં આવતા ભાજપમાં ખળભળાટ સર્જાયો છે. ભાજપમાં આંતરિક ધમાસાણ ઘણુ ગંભીર હોવાની સાબીતી આપતા આ નનામા પત્રમાં જીલ્લા ભાજપ પ્રભારી ધવલ દવે ઉપરાંત લોધીકા સંઘ તરફ પણ નિશાન તાકવામાં આવ્યુ છે. આ સમગ્ર ઘટનાક્રમ પાછળનો ઈરાદો શુ અને રાજકીય દાવ કાઢવાનો પ્રયાસ છે કે સહકારી ક્ષેત્રમાં જેવા સવાલ પણ ઉઠવા લાગ્યા છે. આ પત્રબોંબના પ્રદેશ કક્ષા સુધી પડઘા પડવાના ભણકારા છે.

ભાજપના ગ્રુપ સહિત સર્વત્ર વાઈરલ થયેલા નનામા પત્રમાં રાજકોટ જીલ્લા ભાજપ પ્રભારી ધવલ દવે પર નાણાકીય વહીવટથી માંડીને ભ્રષ્ટાચાર તથા ચારિત્ર્યનુ હનન કરતા આક્ષેપો કરવામાં આવ્યા છે. આ નનામો પણ જંગલના ધ્વની જેમ વાઈરલ થઈ ગયો હતો અને પાર્ટીના નાના કાર્યકરોથી માંડીને મોટા નેતાઓમાં સોપો પડી ગયો હતો. ધવલ દવે રાજકોટ જીલ્લા ભાજપના પ્રભારી ઉપરાંત પાર્ટીના સંગઠન પર્વના પ્રદેશ ચુંટણી સહ ઈન્ચાર્જ હોવાથી પ્રદેશકક્ષાએ પ્રત્યાઘાતો પડવાનુ સ્પષ્ટ મનાય છે.

રાજકોટ જીલ્લા પ્રભારી તથા લોધિકા સંઘને પણ સંડોવતા આ લેટરકાંડ વિશે ભાજપમાં આંતરિક અટકળોનો દોર શરૂ થયો છે. લેટરકાંડના ઈરાદા વિશે અનેકવિધ ચર્ચા છે. રાજકીય નેતાની સાથોસાથ સહકારી સંસ્થાના ચેરમેન તરફ પણ આંગળી ચિંધવામાં આવી હોવાથી એક તીરથી બે નિશાન સાધવામાં આવ્યાની અટકળો છે.

એમ પણ કહેવાય છે કે લેટરકાંડનું મુખ્ય નિશાન ધવલ દવે જ છે. નવી સંગઠન નિયુક્તિમાં તેઓને મહત્વની જવાબદારી મળવાની વાત છે. તેઓનું રાજકીય કદ ન વધે અને પતું કાપવાનું વિરોધી લોબીનું ષડયંત્ર હોઈ શકે છે.

રાજ્યમાં થતી ચર્ચા પ્રમાણે નનામો લેટર લખનાર વ્યકિતએ સૌ પ્રથમ તે પ્રદેશ નેતાગીરીને જ મોકલ્યો હતો અને ત્યારબાદ તે વાઈરલ થયો છે. આ ઘટનાના પ્રદેશકક્ષાએ પણ ગંભીર પ્રત્યાઘાતો છે. પત્ર કોણે લખ્યો છે, ક્યાંથી આવ્યો છે સહિતના સવાલોના જવાબ શોધવા ખાનગી ધોરણે સંબંધિત નેતાઓએ તપાસ પણ શરૂ કરી દીધી છે.

ભાષામાં ખળભળાટ સર્જતા નવા લેટરકાંડમાં જીલ્લા પ્રભારી ધવલ દવે સામે જુદા-જુદા અર્ધોડઝન જેટલા ચોંકાવનારા આક્ષેપો કરવામાં આવ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીથી માંડીને સંઘ તથા ભાજપના ધારાસભ્યોથી માંડીને નેતાઓને તે મોકલાયાનો ઉલ્લેખ છે.

નનામા પત્રમાં એવો આક્ષેપ કરાયો છે કે ધવલ દવેએ લોધિકા સંઘના ચેરમેનપદ માટે સાત આંકડાનો વહીવટ કર્યો હતો અને તેમાં જીલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશ ઢોલરીયાનો સાથ મળ્યો હતો. આ સિવાય મહિલ મોરચાની મહિલાઓ સાથે સમાજમાં શોભે નહી તેવા સંબંધો કેળવ્યા હતા.

શરાબ-શબાબનો શોખ પુરો કરવા કાર્યકરોને લાલચ આપી હતી. વર્તમાન સંગઠન પર્વમાં હોદ્દાની લાલચ આપીને નાણાકીય વહીવટ કરાય છે. ઉપરાંત મહિલાઓની ભલામણોને પ્રાધાન્ય આપવામાં આવે છે. આ પોલીસતંત્ર તથા સરકારી વિભાગોમાં પણ બદલીઓ કરાવવાના નામે લાખોનો વહીવટ કરે છે.રાજકોટના પ્રદેશ નેતાનું રાજકારણ ખત્મ કરવા, એક મોટા સમાજનો વાસો કાઢવાનો ટારગેટ સોંપાયાની પણ વાતો કરે છે. આ નેતાને કાબુમાં રાખવા ભલામણ કરવામાં આવી છે. પત્રના અંતમાં ૨૫ વર્ષ જૂના કાર્યકરોનો સમૂહ એમ લિખિતંત્ર તરીકે દર્શાવાયુ છે.

જીલ્લા ભાજપ પ્રભારી ધવલ દવેને નિશાન બનાવતા લેટર બોમ્બમાં લોધિકા સંઘના ચેરમેનને પણ પદ માટે નાણાં વેરવા પડ્યાની વાત કરવામાં આવી છે તે વિશે લોધિકા સંઘના ચેરમેન નરેન્દ્રસિંહ જાડેજાએ પુરાવા સહિત બચાવ કરીને આરોપોને ખોટા અને ગપગોળા સમાન ગણાવ્યા છે.તેઓએ કહ્યું કે લોધિકા સંઘના ચેરમેનપદે મારી નિયુક્તિ વખતે ધવલ દવે જીલ્લા પ્રભારી કે અલ્પેશ ઢોલરીયા જીલ્લા પ્રમુખ જ ન હતા. ત્યારે તેઓ સાથે વહીવટની વાતનો છેદ ઉડી જાય છે. મારી ચેરમેનપદે બીજી ટર્મની નિયુક્તિ ૨-૫-૨૦૨૩ના રોજ થઈ હતી. જ્યારે ધવલ દવેની જીલ્લા ભાજપ પ્રભારી તરીકેની નિમણુક ૧૬-૫-૨૦૨૩ના રોજ થઈ હતી. જીલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશ ઢોલરીયાની નિમણુક ૨૫-૩-૨૦૨૩ના રોજ થઈ હતી.

# આ લાઈનોનો યુગ પુરો થાય એ જ બજેટની સૌથી રાહતભરી ભેંટ બની શકે!



રાજકોટ

મહાપાલિકામાં સામાન્ય નાગરિકોની જયાં સૌથી વધુ અવરજવર રહે છે તે સિવિક સેન્ટરમાં આજે બુધવારના દિવસે ફરી અરજદારોની ભીડ લાગતા આ લાઇન કેન્દ્રથી બહાર છેક આશાપુરા રોડ તરફના ગેટ સુધી પહોંચી ગઇ હતી. સવારથી આવેલા અનેક અરજદારોને જન્મ-મરણના દાખલા સહિતના કામો માટે કલાકો ઉભુ રહેવું પડયું હતું.

કોર્પો.માં હાલ નવા નાણાંકીય વર્ષનું અંદાજપત્ર બનાવવાનો ધમધમાટ ચાલે છે. નવા કમિશ્નર બજેટ રજૂ કરે તે બાદ સ્ટે.કમીટી અભ્યાસના અંતે આ અંદાજપત્ર મંજૂર કરે તેવી વ્યવસ્થા છે. પરંતુ નાગરિક સુવિધા કેન્દ્રમાં રહેલી અને બસ સ્ટેન્ડ, રેલવે સ્ટેશન પર આબેહુબ દેખાતી લાંબી લાઇનોની અસુવિધામાં કોઇ ફર્ક પડતો નથી.

દર વર્ષે ફુલગુલાબી યોજનાઓ સાથેના બજેટ બને છે, મંજૂર થાય છે, અડધી યોજનાઓ માંડ બને છે. પરંતુ આ લાઇનોનો અંત આવતો નથી. જન્મ-મરણ અને ટેકસ શાખાની પૂરી સિસ્ટમ કોર્પો.ના હાથમાં છે. આધાર કેન્દ્રની સેવાઓ માટે કેન્દ્રની એજન્સી પર નિર્ભર રહેવું પડે છે. પરંતુ સિવિક સેન્ટરના કામોની સિસ્ટમ તો તંત્રએ વિકસાવી છે.

આ સુવિધાનું કઇ રીતે વિસ્તૃતિકરણ થાય અને થોડી રાહત સાથે કરદાતાઓની લાઇન ઓછી થાય તેવો કોઇ વિચાર બજેટમાં જોડવાની જરૂર છે. વર્ષે મનપા જુદા જુદા પ્રોજેકટ માટે લાખોના ખર્ચે સલાહો લે છે. પરંતુ આ વ્યવસ્થામાં સુધારો પગારદાર ઇજનેરો પણ કરાવી શકે છે. દાખલા, લગ્ન નોંધણી સહિતની ઘણી સેવા ઝોન અને વોર્ડ ઓફિસથી પૂર્ણ વ્યવસ્થા સાથે મળવા લાગે તો લોકોએ દુર દુરથી ધકકા પણ ખાવા ન પડે. વર્ષો પહેલા જન્મ-મરણના દાખલાથી માંડી લગ્ન નોંધણી પ્રમાણપત્રો સહિતની તમામ સેવા વોર્ડ ઓફિસથી પણ મળે તેવા આયોજન બનાવવામાં આવ્યા હતા. પરંતુ તે અધુરા જ રહ્યા છે. પ્રજા કયારેય કરોડોના પ્રોજેકટ માટે માંગણી કે રજુઆતો કરતી નથી. તેમને ધકકા ન થાય અને સમય ન બગડે એટલી વ્યવસ્થા પણ તંત્ર કરી દે તો પણ પુરતું બનશે. હવેના બજેટમાં લોકોને સેવાઓમાં સરળતા થાય તેવા કામો સામેલ કરવાની લાગણી સ્માર્ટ કરદાતાઓ વ્યકત કરે છે.

# કાલાવડ રોડ પર બ્રિજ નીચેનો ગેમઝોન પ્રોજેકટ રદ કરવા કોંગ્રેસ આગેવાનોનાં ધરણા પ્લેકાર્ડ દર્શાવ્યા

### ગેમઝોન અન્ય સ્થળે ખસેડવા માંગ આગામી દિવસોમાં આગેવાનોની બેઠક બાદ નવા કાર્યક્રમની જાહેરાત કરાશે



રાજકોટ,તા.૨૯

રાજકોટનાં કાલાવડ રોડ પરના જોખમી ગેમ ઝોન પ્રોજેકટ રદ કરવા અંગે કોંગ્રેસના પ્લે કાર્ડ સાથે ધરણાં યોજી વિરોધ યથાવત રાખઅયો છે.

રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિની યાદી મુજબ કાલાવડ રોડ પર બ્રિજ નીચે જોખમી ગેમ ઝોન પ્રોજેકટ રદ કરવા અંગે મ્યુનિસિપલ કમિશનરને આવેદનપત્ર સુપ્રત કર્યા બાદ આ અંગે કોઇ જાતનો પ્રત્યુતર ન મળતા તારીખ ૨૫/૧ ના રાજકોટ કાલાવડ રોડ ઉપર ગેમ ઝોનની પાસે રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા લોકોના, વેપારીઓના, વિદ્યાર્થીઓના અવર જવર કરતા શહેરીજનોના બ્રિજ નીચેના ગેમ ઝોન અંગેના અભિપ્રાયો મેળવવામાં આવેલ હતા તેમાં લોકોના નકારાત્મક અભિપ્રાયો ના પગલે ગેમ ઝોન બ્રિજ નીચેની બદલે અન્ય સ્થળે બને તે જરૂરી છે અને બ્રિજ નીચે અને અહીંયા ટ્રાફિકની સમસ્યા સર્જાય તેમ હોવાને પગલે નકારાત્મક રિપોર્ટ આપેલ છે. મ્યુનિસિપલ કમિશનર સાઇટ વિઝીટ કરી લોકોના વેપારીઓના અને આજુબાજુના રહેવાસીઓના અભિપ્રાયો જાણે અને ગેમ ઝોનનો પ્રોજેક્ટ રદ કરે.

રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા કાલાવડ રોડ પર ન્યુ પરિમલ સ્કૂલ સામે જ્યાં ગેમ ઝોનનું કામ હાલ ગઘઈ વગર શરૂ કરી દેવામાં આવ્યું છે તે જગ્યાની નજીકમાં કોંગ્રેસ સમિતિ દ્વારા પ્લે કાર્ડ સાથે ધરણા નો કાર્યક્રમ યોજાયેલ હતો. આજના કાર્યક્રમ બાદ પણ શાસકોને સદબુદ્ધિ નહીં મળે તો આગામી દિવસોમાં કોંગ્રેસ આગેવાનોની બેઠકમાં નક્કી કર્યા મુજબ તબક્કાવાર કાર્યક્રમો જાહેર કરવામાં આવશે.

આજે પ્લે કાર્ડ માં રાજકોટના બ્રિજની નીચે ગેમ ઝોન ન થવો જોઈએ રાજકોટ મહાનગરપાલિકાએ અગાઉ રાજકોટની જનતાના અભિપ્રાય લીધા વગર જે પ્રોજેક્ટ બનાવ્યા છે તે પ્રોજેક્ટ રદ કરવામાં આવ્યા છે જે સ્થળે ગેમ ઝોન બનાવવામાં આવશે તે સ્થળે એક ગાળામાં બોક્સ ક્રિકેટ, બીજા ગાળામાં સ્કેટિંગ રિંગ, સ્નૂકર, કેરમ જેવી ઇનડોર ગેમ માટે માચડો જે રીતે બને છે.

# સૌરાષ્ટ્ર - કચ્છમાં ઠંડી આજે પણ નહિવત

### રાજકોટ – નલિયા સહિત દરેક સ્થળોએ ડબલ ડિઝીટમાં તાપમાન



રાજકોટ,તા.૨૯

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-ગુજરાતમાં આજે પણ ઠંડી નહિવત રહેવા પામી હતી અને નલિયા સહિત દરેક સ્થળોએ ડબલ ડિઝીટમાં તાપમાન નોંધાયું હતું. આજે સવારે નલિયામાં ૧૦, ભુજમાં ૧૬.૪, કંડલામાં ૧૫.૫, રાજકોટમાં ૧૪.૮, પોરબંદરમાં ૧૨.૯, તથા વેરાવળ ખાતે ૧૮.૫ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું.

જયારે, અમદાવાદમાં ૧૪.૭, અમરેલીમાં ૧૫.૬, વડોદરામાં ૧૬.૨, ભાવનગરમાં ૧૬.૭, દમણમાં ૧૬.૩, ડિસામાં ૧૬, દિવમાં ૧૪.૪, દ્વારકામાં ૧૬, ગાંધીનગરમાં ૧૨.૨ અને ઓખામાં ૨૦.૬ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું. જયારે જામનગર શહેરમાં આજે સતત બીજા દિવસે પણ લઘુતમ તાપમાનનો પારો ૧૪.૫ ડિગ્રી રહ્યો હતો. જયારે મહતમ તાપમાન ૩૦.૫ ડિગ્રી નોંધાયું હતું. જયારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૮૧ ટકા અને પવનની ગતિ પ્રતિકલાક ૩.૫ કિ.મી. રહી હતી.આમ જામનગર શહેરમાં મિશ્ર ઋતુ જેવું વાતાવરણ લોકોએ અનુભવ્યું હતું. જેના લીધે રાત્રે અને સવારે ઠંડીનો ચમકારો અને બપોરે ગરમી જેવું વાતાવરણ બને છે. ભેજનું પ્રમાણ ૮૧ ટકા હોવાથી મોડી રાત્રીથી પરોઢિયે ધુમ્મસ આવે છે.



આજે સ્ટે.કમીટીની બેઠક બોલાવતા ચેરમેનઃ જુદા જુદા વિકાસ કામો સહિતની ૫૩ દરખાસ્તો પર નિર્ણયઃ મનહર પ્લોટ, વિજય પ્લોટના વોંકળા સામેલ

# નવો રીંગ રોડ હવે ફોર ટ્રેક બનશેઃ ત્રણ પુલની જગ્યાએ નવા બ્રિજ બાંધવાની દરખાસ્ત

**કટારીયા ચોકડીથી પરશુરામ ધામ ચોક વચ્ચે ૪૭ કરોડના ખર્ચે બ્રિજઃ એક લાખ લોકોને ફાયદોઃ રૈયા ગામથી સ્માર્ટ સીટીના રોડના વોંકળા પર ૧૫.૧૯ કરોડના ખર્ચે બ્રિજ બાંધવા નિર્ણય**

રાજકોટ, તા. ૨૯

નવા રીંગ રોડને જોડતા વોર્ડ નં. ૧, ૯ અને ૧૧માં કટારીયા ચોકડીથી સ્માર્ટ સીટી રોડ તરફના ભાગમાં આવેલા વર્ષો જુના ત્રણ નાના બ્રીજને વાઇડનીંગ કરીને ફોરટ્રેકના બનાવવા સહિતના પુલ અને સ્લેબ કલ્વર્ટના અડધો ડઝન કામો પોણો અબજના ખર્ચે કરાવવાની દરખાસ્ત આવતીકાલે મળનારી સ્ટે.કમીટીની મીટીંગમાં આવી છે.કમિશ્નર તુષાર સુમેરાએ ચાલુ વર્ષના બજેટના કામોના આયોજન પણ હાથ પર લેતા આજે ચેરમેન જયમીન ઠાકરે બહાર પાડેલા એજન્ડામાં અનેક વિકાસ કામો સહિતની ૫૩ દરખાસ્તો સામેલ કરવામાં આવી છે.

નવો રીંગ રોડ હાલ વર્ષોથી ટુ ટ્રેકની અવસ્થામાં છે. જેમાં રોડ ફોર ટ્રેક કરવાનું પોતાના ભાગનું કામ તો રૂડાએ શરૂ કરી દીધુ છે, હવે મનપાએ પુલ પહોળા કરવા દરખાસ્તો કરી દીધી છે. ભવિષ્યમાં આ રોડ પુરેપુરો ફોર ટ્રેક બને તે દિશામાં આગળ વધવાનું હોય, આવતી મીટીંગમાં રોડ વાઇડનીંગની દરખાસ્ત પણ આવી જશે તેવો વિશ્વાસ ચેરમેને વ્યકત કર્યો છે.

આજે એજન્ડા બહાર પાડયા બાદ નવા રીંગ રોડ ડેવલપમેન્ટના આયોજન અંગે માહિતી આપતા પદાધિકારીએ જણાવ્યું હતું કે, વોર્ડ નં.૯માં નવા ૧૫૦ ફુટ રીંગ રોડ પર ત્રણ બ્રીજ વાઇડનીંગ કરવાનું ૪૨.૨૫ કરોડનું જીએસટી સહિતનું ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું. જેમાં બેકબોન કધસ. કંપનીએ ૫.૪૯ ટકા ઓછા ભાવની ઓફર કરતા  ૧૮ ટકા જીએસટી સહિત ૪૭.૧૨ કરોડમાં કામ આપવા દરખાસ્ત આવી છે. કટારીયા ચોકડીથી જમણી તરફ વળતા તુરંત, તે બાદ મધ્ય ભાગમાં અને તે બાદ સ્માર્ટ સીટી પૂર્વે પરશુરામ ધામ ચોકડી પાસે જુના ત્રણ બ્રીજ આવેલા છે.  બ્રીજ નંબર-૨ની લંબાઇ ૩૫૮ મીટર અને ૪૫ મીટર પહોળાઇ, બ્રીજ નંબર-૩ની લંબાઇ ૩૫૮ મીટર અને પહોળાઇ ૪૫ મીટર, બ્રીજ નં.૪ની લંબાઇ ૨૯૪ મીટર અને પહોળાઇ ૪૫ મીટરમાં આરસીસી હાઇલેવલ બ્રીજ સાથે કરવાની છે.આ ત્રણે બ્રીજ જામનગર હાઇવેથી કાલાવડ રોડને જોડતા હોય એક લાખ લોકોને તેનો વાહન વ્યવહારમાં લાભ થશે. આ કામ શરૂ થવાથી નવો રીંગ રોડ ફોર ટ્રેકનો બનાવવા તરફ પણ મહાપાલિકા આગળ વધશે.

રૈયા ગામઃ વોર્ડ નં.૧માં રૈયા ગામથી સ્માર્ટ સીટીના ડીપી રોડ પર વોંકળા ઉપર બ્રીજ બનાવવા માટે ૧૫.૪૯ કરોડનું એસ્ટીમેટ મંજૂર કરવામાં આવ્યું હતું. ૫૦ મીટર લંબાઇ અને ૪૫ મીટરની પહોળાઇમાં આરસીસી હાઇલેવલ બ્રીજ તથા ૧૨૭ મીટર લંબાઇમાં બંને તરફ એપ્રોચ રોડ બનાવવામાં આવનાર છે. આ બ્રીજ સ્માર્ટ સીટીને જોડતા મુખ્ય રોડ પરનો બ્રીજ હોય તેનો પણ એક લાખ લોકોને ફાયદો થવાનો છે. આ કામ માટે ટેન્ડર બહાર પાડવામાં આવતા બીજા પ્રયત્નમાં બેકબોન કધસ. પ્રા.લી.એ ૧.૭૫ ટકા ઓનમાં કામ કરવા દર્શાવી છે. આથી આ એજન્સીને ૧૫.૧૯ કરોડમાં કામ આપવા દરખાસ્ત કમિશ્નરે મોકલી છે.

મુંજકાઃ વોર્ડ નં.૯માં મુંજકા આર્ષ વિદ્યા મંદિર પાસે તથા મુંજકા પોલીસ મથકથી આગળ વોંકળા પર બ્રીજ બનાવવા જીએસટી સહિત ૬.૭૫ કરોડનું એસ્ટીમેટ તૈયાર થતા તેના ટેન્ડર બહાર પાડવામાં આવ્યા હતા. આર્ષ વિદ્યા મંદિર પાસે ૫૦૧૨મીટરમાં આરસીસી બ્રીજ, મુંજકા પોલીસ સ્ટેશનથી આગળ ૩૧.૨૪૨૦ની જગ્યામાં આરસીસી બોકસ કલ્વર્ટ (વોંકળા પરનો પુલ) બનાવવામાં આવશે. આ બંને બ્રીજ ૧૫૦ ફુટ રીંગ રોડથી યુનિ. રોડને જોડતા મુખ્ય માર્ગ હોય, ૬૦ હજાર લોકોને લાભ થશે. આ કામ માટે રી-ટેન્ડર કરાતા અમર કન્સ. કંપનીએ ૩.૨૨ ટકા ઓછા ભાવની ઓફર કરતા આ કામ ૬.૩૧ કરોડમાં આપવા પ્રસ્તાવ આવ્યો છે.

રંગોલી આવાસ યોજનાઃ વોર્ડ નં.૧૧માં કટારીયા ચોકડીથી ડાબા હાથ તરફ રંગોલી આવાસ યોજના આવેલી છે. અહીં ૨૪ મીટરના ટીપીના રોડ પર જીનીયસ સ્કુલ અને તળાવના રસ્તે માઇનોર બ્રીજ તથા ૧૮ મીટરના રસ્તા પર સ્લેબ કલ્વર્ટ બનાવવા માટે ૭.૧૯ કરોડના ટેન્ડર બહાર પાડવામાં આવ્યા હતા. ૫૭૨૪માં આરસીસી માઇનોર બ્રીજ અને ૨૭.૪૦૧૮ મીટરની પહોળાઇમાં બોકસ કલ્વર્ટ બનાવવાનું છે. જે કામ માટે બેકબોન કન્સે. ૨.૧૩ ટકા ઓનની ઓફર આપતા જીએસટી સહિત ૮.૬૭ કરોડના ખર્ચે કામ આપવા દરખાસ્ત આવી છે.

વોર્ડ નં.૭ઃ શહેરના વોર્ડ નં.૭ના મનહર પ્લોટ શેરી નં.૮ અને ૯, ગવલીવાડ મેઇન રોડ અને વિજય પ્લોટ મેઇન રોડ પર બોકસ કલ્વર્ટ (વોંકળા) બનાવવા માટે ૧.૨૮ કરોડનો ખર્ચ કરવા પણ દરખાસ્ત આવી છે.

# સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓનો નોંધણી દર ઘટ્યો

## એએસઈઆર રિપોર્ટ મુજબ ૨૦૨૨ માં વિદ્યાર્થીઓની નોંધણી ૭૨.૯ ટકાથી ઘટીને ૬૬.૮ ટકા થઈ



નવી દિલ્હીઃ કોવિડ દરમિયાન સરકારી શાળાઓમાં નોંધણીમાં વધારો થયો હતો, જે હવે ૨૦૧૮ ના સ્તરે પાછો ફર્યો છે. એએસઇઆર રીપોર્ટ મુજબ,૬-૧૪ વર્ષનાં નોંધાયેલાં વિદ્યાર્થીઓનું ગુણોત્તર ૨૦૨૨ માં ૭૨.૯ ટકાથી ઘટીને ૬૬.૮ ટકા થઈ ગયું છે.કોવિડ રોગચાળા દરમિયાન સરકારી શાળાઓમાં નોંધણીમાં વધારો હવે પૂર્વ-પેન્ડમિક સ્તરે ઘટી ગયો છે. વાર્ષિક એજ્યુકેશન સ્ટેટસ રિપોર્ટ ૨૦૨૪ મુજબ, ગ્રામીણ ભારતમાં સરકાર અને ખાનગી શાળાઓ વચ્ચેની સ્પર્ધા ફરી એકવાર વધી છે. રોગચાળા દરમિયાન અસરગ્રસ્ત બાળકોનું શિક્ષણ હવે પાટે ચઢતું નથી, પરંતુ કેટલાક રાજ્યોમાં તે રોગચાળાના સ્તર કરતાં વધુ સારું બન્યું છે.

આ અહેવાલમાં શિક્ષણનાં ક્ષેત્રમાં ડિજિટલ સાક્ષરતા અને બાળકોનાં શિક્ષણનાં સ્તરને પણ પ્રકાશિત કરવામાં આવ્યું છે. અહેવાલમાં જાણવા મળ્યું છે કે ગ્રામીણ વિસ્તારોમાં ખાનગી શાળાઓમાં નોંધણી સતત વધી રહી છે. ૨૦૦૬ માં, ગુણોત્તર ૧૮.૭ ટકા હતો, જે ૨૦૧૮ માં ૩૦.૮ ટકા પરસ્થિર થયો હતો.જો કે, રોગચાળા દરમિયાન, ઘણાં પરિવારો આર્થિક કારણોને લીધે સરકારી શાળાઓમાં ગયાં, પરંતુ હવે પરિસ્થિતિ સામાન્ય બની રહી છે, ત્યારે ખાનગી શાળાઓ તરફનો ઝોક ફરીથી વધી રહ્યો છે.

અહેવાલમાં પણ તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, રોગચાળા દરમિયાન બાળકોની વાંચવાની અને લખવાની ક્ષમતા પરની અસર થઈ હતી. કેટલાક રાજ્યોએ રોગચાળાના સ્તર કરતાં વધુ સારું પ્રદર્શન કર્યું છે. ઉત્તર પ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશ અને તમિલનાડુ જેવાં રાજ્યોમાં વિશેષ સુધારાઓ જોવા મળ્યાં છે.આ અહેવાલમાં પ્રથમ વખત ડિજિટલ સાક્ષરતા પણ શામેલ કરવામાં આવી છે.૧૪-૧૬ વર્ષની વયનાં બાળકોમાં,૮૨.૨ ટકા લોકોએ કહ્યું કે તેઓ સ્માર્ટફોનનો ઉપયોગ કેવી રીતે કરવો તે જાણે છે. આમાંથી, ફક્ત ૫૭ ટકા જ તેનો ઉપયોગ શૈક્ષણિક હેતુ માટે કરે છે, જ્યારે ૭૬ ટકા લોકોએ સોશિયલ મીડિયા પર સમય પસાર કરે છે.

ડિજિટલ સાક્ષરતા સુધારવા માટે આ એક મહત્વપૂર્ણ સંકેત છે. અહેવાલમાં જાણ કરવામાં આવી છે કે પ્રથમ ધોરણમાં પાંચ વર્ષ કે તેથી ઓછી વયનાં બાળકોનું પ્રમાણ ૨૦૧૮ માં ૨૫.૬ ટકા થી ઘટીને ૨૦૨૪ માં ૧૬.૭ ટકા થઈ ગયું છે. આ એક સકારાત્મક સંકેત છે કે મોટા બાળકો હવે શાળાઓમાં પ્રવેશ કરી રહ્યાં છે, જે સ્થિરતા અને તેમનાં અભ્યાસમાં વધુ સારા પરિણામો લાવી શકે છે. અહેવાલમાં જણાવાયું છે કે, રોગચાળા પછી શિક્ષણ ક્ષેત્રમાં ઘણાં ફેરફારો થયાં છે. રાજ્યો તેમનાં સ્તરે સુધર્યા છે અને ઘણાં સારા પ્રયત્નો પણ જોવા મળ્યાં છે. તે પણ સ્પષ્ટ છે કે ખાનગી અને સરકારી શાળાઓ વચ્ચેની સ્પર્ધા વધી રહી છે.રિપોર્ટમાં જણાવાયું છે કે, ‘‘મોટાભાગનાં રાજ્યોમાં છોકરાઓની નોંધણી છોકરીઓની તુલનામાં વધુ જોવા મળી હતી. જોકે કેરળ અને કર્ણાટક જેવાં રાજ્યોમાં ઘણીવાર છોકરીઓની નોંધણી વધુ હોય છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઘણાં પ્રદેશોમાં એક પડકાર છે. મેઘાલય, અરુણાચલ પ્રદેશ અને નાગાલેન્ડ જેવાં રાજ્યોમાં શૌચાલયો અને પીવાના પાણીની સમસ્યા હોય છે ત્યા ૭૨ ટકા જ શાળાઓમાં ગર્લ્સ શૌચાલયો છે, જે ૨૦૧૮ માં ૬૬.૪ ટકા જ હતાં, જ્યારે ૭૭.૭ ટકા શાળાઓમાં પીવાનું પાણી છે તેથી પણ સરકારી શાળાઓમાં નોંધણી દર ઘટ્યો છે

# તુવેર પાકની ટેકાનાં ભાવે ખરીદી કરવા રાજય સરકારનો નિર્ણય

## રાજયમાં ખરીદી માટે ૨૦૬ કેન્દ્રો સુચિત કરાયા



ગાંધીનગર,તા.૨૯

તુવેર પાકની ટેકાના ભાવે ખરીદી માટે રાજ્ય સરકાર દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાતના ખેડૂતોને પોતાના ઉત્પાદિત પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તેવા શુભ આશયથી કૃષિ મંત્રી રાઘવજી પટેલના અધ્યક્ષ સ્થાને મળેલી બેઠકમાં આગામી સમયમાં તુવેર પાકની ટેકાના ભાવે ખરીદી કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય કરાયો છે. ટેકાના ભાવે તુવેરનું વેચાણ કરવા ઇચ્છુક ખેડૂતોએ આગામી તા. ૩ થી ૨૦ ફેબ્રુઆરી-૨૦૨૫ સુધીમાં ઓનલાઇન નોંધણી કરાવવાની રહેશે.

ખેડૂતો ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રો ખાતેથી વીસીઈ મારફતે નાફેડના ઈ-સમૃધ્ધિ પોર્ટલ પર વિનામૂલ્યે નોંધણી કરાવી શકશે. રાજ્યમાં તુવેર પાકના વાવેતર વિસ્તાર અને ઉત્પાદનને ધ્યાને રાખીને ખરીદી માટે કુલ ૨૦૬ ખરીદ કેન્દ્રો સૂચિત કરવામાં આવ્યા છે.

કૃષિ મંત્રી રાઘવજી પટેલે ખાતરી આપી છે કે, ખેડૂતો પાસેથી તુવેર પાકની પૂરતા પ્રમાણમાં ખરીદી કરવામાં આવશે. ખરીદી માટે રાજ્ય સરકાર દ્વારા તમામ આગોતરૂ આયોજન હાથ ધરવામાં આવ્યું છે. રાજ્યમાં તુવેર પકવતાં ખેડૂતોને ખરીદીનો મહત્તમ લાભ લેવા માટે પણ કૃષિ મંત્રીએ અનુરોધ કર્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભારત સરકાર દ્વારા પ્રધાનમંત્રી અન્નદાતા આય સંરક્ષણ અભિયાન હેઠળ ખેડૂતો પાસેથી ટેકાના ભાવે વિવિધ પાકોની ખરીદી કરવામાં આવે છે. આ વર્ષે તુવેર પાકનું વાવેતર થાય તે પહેલા જ તુવેર માટે રૂ.૭૫૫૦ પ્રતિ ક્વિન્ટલ ટેકાનો ભાવ જાહેર કરવામાં આવ્યો હતો, જેથી ખેડૂતો નિશ્ચિંત થઈને તુવેર સહિતના પાકોનું મબલખ વાવેતર કરી શકે.

# ગુજરાત પોલીસે ડ્રોન ઉડાવીને ચોરની ઝડપી પાડ્યો, DGPએ વીડિયો સોશિયલ મીડિયામાં કર્યો પોસ્ટ



ગુજરાતમાં ચોરી, લૂંટ સહિતની ઘટનાઓ સામે આવતી હોય છે, ત્યારે રાજ્ય પોલીસ દ્વારા આરોપીને ઝડપી પાડવા માટે ટેકનેલોજીનો સહારો લેવામાં આવે છે. જેમાં દાહોદ પોલીસે ડ્રોન ઉડાવીને ચોરને ઝડપી પાડ્યો હતો. સમગ્ર ઘટનાનો વીડિયો એ સોશિયલ મીડિયામાં પોસ્ટ કર્યો હતો. જ્યારે આ મામલે રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ દાહોદ પોલીસની ટીમને અભિનંદન પાઠવ્યા હતા. ડિજિટલ યુગમાં રાજ્ય પોલીસ વિવિધ ગુનાઓનો ભેદ ઉકેલવા માટે નવીનત્તમ ટેકનેલોજીનો ઉપયોગ કરે છે, ત્યારે દાહોદ પોલીસે ડ્રોન ઉડાવીને મંદિરમાં ચોરી કરનારા એક શખ્સને પકડી પાડવામાં આવ્યો હતો. આ મામલે એ સોશિયલ મીડિયા માધ્યમ ” પર વીડિયો શેર કર્યો હતો. વીડિયોમાં જોવા મળે છે કે, આરોપી બહુ દુર સુધી ભાગી રહ્યો છે અને પોલીસ દ્વારા તેને ઝડપી પાડવામાં આવે છે. દાહોદ પોલીસની આ કામગીરીને લઈને રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ સોશિયલ મીડિયા માધ્યમ ” પર શેર કરીને જણાવ્યું હતું કે, 'ડ્રોન અને સંબંધિત ટેકનોલોજીનો ઉપયોગ કરીને પોલીસ ગુનાઓ શોધવામાં વધુને વધુ સફળતા મેળવી રહી છે. દાહોદ એ તેમના આ કાર્ય દ્વારા ઉત્તમ ઉદાહરણ સ્થાપિત કર્યું છે. ટીમને અભિનંદન! ચાલો આ ટેકનોલોજીનો ઉપયોગ વિસ્તૃત કરવા માટે સાથે મળીને કામ કરીએ.'

# હવે સુધરી જાજો : ૧૧૫૭ રીઢા આરોપીઓને ભેગા કરી શાનમાં સમજાવતી પોલીસ

રાજકોટ, તા.૨૯

ગુજરાત પોલીસ રાજ્યની શાંતિ ડહોળવાનો પ્રયાસ કરતા ગુંડા તત્વો અને નિર્દોષ નાગરિકોને પરેશાન કરતા અસામાજિક તત્વો સામે કાયદાનું ભાન કરાવવા કડક પગલા લઇ રહી છે. વર્ષ ૨૦૨૨ થી ૨૦૨૪ દરમિયાન ત્રણ વર્ષમાં પાસા હેઠળ અટક થયેલા ૧૧૫૭ આરોપીઓને ભેગા કરી કાયદાના પાઠ ભણાવવામાં આવ્યા છે. આ પહેલનો હેતુ એવા ગુનેગારો પર નજર રાખવાનો છે જેઓ અગાઉ અસામાજિક પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા હતા. તે ઉપરાંત આ રીઢા ગુનેગારોને ફરીથી ગુનાખોરીના માર્ગે જતા અટકાવવાનો છે.



રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયની સૂચનાથી તાજેતરમાં રાજકોટ, અમદાવાદ, સુરત અને વડોદરા શહેરમાં આ પ્રકારના આયોજન કરવામાં આવ્યા હતા. જેમા વર્ષ ૨૦૨૨ થી ૨૦૨૪ દરમિયાન પાસા હેઠળ અટક થયેલા કુલ ૧૧૫૭ આરોપીઓને બોલાવવામાં આવ્યા હતા. પોલીસે તેમની સાથે વાતચીત કરીને તેમની વર્તમાન પ્રવૃત્તિઓ વિશે માહિતી મેળવી હતી અને તેમને સ્પષ્ટ શબ્દોમાં સમજાવવામાં આવ્યું હતું કે જો તેઓ ફરીથી ગુનાખોરીમાં સંડોવાયેલા જણાશે તો તેમની સામે કડક હાથે કામ લેવાશે.

ચારેય શહેરોમાં ૧૧૫૭ પાસા આરોપીઓ પૈકી રાજકોટ શહેરના ૭૩, અમદાવાદ શહેરના ૩૮૯, સુરત શહેરના ૫૩૨ અને વડોદરા શહેરના ૧૬૩ આરોપીઓને પોલીસે ગુનાખોરીના રસ્તે પુન ન વળવા ગુનેગારો જે ભાષામાં સમજે છે તે કાયદાની ભાષામાં સ્પષ્ટ જરૂરી સમજ આપી હતી.

પ્રિવેન્શન ઓફ એન્ટી-સોશિયલ એક્ટિવિટીઝ એક્ટ(પાસા) અસામાજિક પ્રવૃત્તિઓને રોકવા માટેનો કાયદો છે. વારંવાર ગંભીર ગુના આચરનારા વ્યક્તિઓ સામે આ કાયદા હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે. ખાસ કરીને બુટલેગરો, ખતરનાક ગુનેગારો, જમીન પચાવી પાડનારાઓ, અનૈતિક વેપારમાં સંડોવાયેલા લોકો, ડ્રગ્સના ગુનેગારો, જુગારધામ ચલાવનારાઓ, સંગ્રહખોરી અને કાળાબજાર કરનારાઓ, સાયબર ક્રાઇમ કરનારાઓ અને વ્યાજખોરો સામે આ કાયદા હેઠળ કાર્યવાહી થઈ શકે છે

# ગુજરાતમાં મગફળીની ટેકાના ભાવે રેકોર્ડ બ્રેક ખરીદી

## ૨.૯૮ લાખથી વધુ ખેડૂતો પાસેથી રૂા.૬, ૭૦૦ કરોડની ૧૦ લાખ મેટ્રીકટન મગફળી ખરીદાઈ

રાજકોટ,તા.૨૯

ગુજરાતભરમાં અત્યારે મગફળી અને સોયાબીન સહિતના ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી પૂરવેગે ચાલી રહી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ભારત સરકાર દ્વારા ખરીફ પાકોનું વાવેતર થાય તે પહેલા જ ટેકાના ભાવ જાહેર કરાયા હતા. ટેકાના ભાવ બજાર ભાવથી વધુ હોવાથી ગુજરાતના ખેડૂતોએ મગફળી સહિતના ખરીફ પાકોનું પુષ્કળ વાવેતર અને ટેકાના ભાવે વેચાણ કર્યું છે. પરિણામે આ ખરીફ સીઝન દરમિયાન ગુજરાતમાં સરકાર દ્વારા મગફળીની અત્યાર સુધીની સૌથી રેકોર્ડબ્રેક ખરીદી કરવામાં આવી છે.



કૃષિ મંત્રી રાઘવજી પટેલે આ સંદર્ભે જણાવ્યું હતું કે, ગુજરાતમાં આ વર્ષે મગફળી પાકનું કુલ ૧૮.૮૦ લાખથી વધુ હેક્ટરમાં રેકોર્ડબ્રેક વાવેતર થયું હતું, જે ગત વર્ષની સરખામણીએ ૨.૫ લાખ હેક્ટર વધુ હતું. ગુજરાતના ખેડૂતોને તેમના મબલખ ઉત્પાદિત પાકોના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે બનાસકાંઠા ખાતેથી રાજ્યભરમાં ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદીનો શુભારંભ કરાવ્યો હતો. ભારત સરકાર દ્વારા મગફળી માટે રૂ. ૬,૭૮૩ પ્રતિ ક્વિન્ટલ (રૂ. ૧,૩૫૬.૬૦ પ્રતિ મણ) ટેકાનો ભાવ જાહેર કરવામાં આવ્યો હતા. જેથી મગફળી પાકના વેચાણ માટે રાજ્યના ૩.૭૨ લાખથી વધુ ખેડૂતોએ નોંધણી કરાવી હતી. અત્યાર સુધીમાં રાજ્ય સરકાર દ્વારા ૧૯૭ ખરીદ કેન્દ્રો ખાતેથી ૨.૯૮ લાખથી વધુ ખેડૂતો પાસેથી રૂ. ૬,૭૦૦ કરોડથી વધુના મૂલ્યની કુલ ૧૦ લાખ મેટ્રિક ટન જેટલી મગફળીની ખરીદી કરવામાં આવી છે. જે પૈકી આશરે ૨.૩૨ લાખ ખેડૂતોને રૂ. ૫,૧૭૨ કરોડથી વધુનું ચૂકવણું પણ સીધું તેમના બેંક ખાતામાં કરી દેવામાં આવ્યું છે. ગુજરાતમાં પ્રથમવાર ખેડૂતોને ખરીદીના તુરંત બાદ આટલી ઝડપથી ચૂકવણું કરવામાં આવી રહ્યું છે, તેમ મંત્રીએ ઉમેર્યું હતું.

વધુમાં કૃષિ મંત્રીએ જણાવ્યું હતું કે, ભારત સરકારે સોયાબીન માટે રૂ. ૪,૮૯૨ પ્રતિ ક્વિન્ટલ (રૂ.૯૭૮.૪૦ પ્રતિ મણ) ટેકાનો ભાવ જાહેર કર્યો છે. જેના પરિણામે ટેકાના ભાવે સોયાબીનના વેચાણ માટે રાજ્યના કુલ ૨૪,૮૦૦થી વધુ ખેડૂતોએ નોંધણી કરાવી હતી. અત્યાર સુધીમાં કુલ ૮૮ ખરીદ કેન્દ્રો પરથી આશરે ૨૦,૫૦૦થી વધુ ખેડૂતો પાસેથી રૂ. ૨૫૨ કરોડથી વધુના મૂલ્યની કુલ ૫૧,૪૦૦ મેટ્રિક ટનથી વધુ સોયાબીનની ખરીદી કરવામાં આવી છે. જે પૈકી આશરે ૧૭,૦૦૦ જેટલા ખેડૂતોને રૂ. ૨૧૦ કરોડથી વધુનું ચૂકવણું પણ કરી દેવામાં આવ્યું છે. રાજ્યના અનેક તાલુકાઓમાં નોંધાયેલા તમામ ખેડૂતો પાસેથી ખરીફ પાકોની ખરીદી પૂર્ણ થઇ છે. જ્યારે, બાકીના ખરીદ કેન્દ્રો ખાતે નોંધાયેલા ખેડૂતો પાસેથી ખરીફ પાકોની ખરીદી પૂરવેગે ચાલી રહી છે. બાકીના તમામ ખેડૂતો પાસેથી આગામી તા. ૮ ફેબ્રુઆરી સુધીમાં ખરીદી પૂર્ણ કરવામાં આવશે, તેવી મંત્રીએ ખાતરી આપી હતી.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

# ભારતીય સંસ્કૃતિને જાણવા સંસ્કૃત શીખવું જરૂરી : રાજયપાલ દેવવ્રત આચાર્ય

**■ સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીનો ૧૭ મા પદવીદાન સમારોહમાં ૨૩ ગોલ્ડમેડલ, ૪ સિલ્વરમેડલ સાથે કુલ ૭૬૬ વિદ્યાર્થીઓને પદવી–પ્રમાણપત્રો એનાયત કરાયા**

વેરાવળ, તા. ૩૦: રાજ્યની એકમાત્ર સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીનો ૧૭ મો પદવીદાન સમારોહ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની પ્રેરક ઉપસ્થિતિમાં યુની. ના કેમ્પસમાં યોજાયો હતો. આ સમારોહમાં મહાનુભાવોના હસ્તે શાસ્ત્રાધિગમ સંદર્ભે લૌકિકન્યાયાઃ (ડો.બી.ઉમા મહેશ્વરી), ધર્મશાસ્ત્રસ્ય આધુનિકવિજ્ઞાનસ્ય ચ અન્તઃસંબંધમ (ડો.વિશ્વબંધુ), આયુર્વિજ્ઞાનમ (ડો.સિહેચ નાગરાજુ),યોગવિજ્ઞાનમ (ડો.ભારત ભૂષણરથ), વિકસિત ભારતે સંસ્કૃતમ(ડો.પ્રિયવ્રત મિશ્ર) એમ પાંચ ગ્રંથનું વિમોચન કરવામાં આવ્યું હતું. બાદમાં સંસ્કૃત વિદ્વાન ડો. વસંત પરીખને શ્રીમતી સરસ્વતીબેન જયંતિલાલ ભટ્ટ સંસ્કૃત વિદ્વાન-૨૦૨૫ પુરસ્કાર અને શોધાર્થી નિકુલ શાન્તિલાલ શીલુને ‘શોધવિભૂષણમ્’ પુરસ્કાર- ૨૦૨૫ એનાયત કરાયો હતો.




આ સમારોહને સંબોધતા રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ જણાવેલ કે, જો ભારતીય સંસ્કૃતિને જાણવી હશે તો સંસ્કૃત ભાષા શીખવી જ પડશે. ભારતીય જ્ઞાન-પરંપરાના મૂળ આધારરૂપ વેદ, ઉપનિષદ વગેરે સંસ્કૃતમાં જ લખાયેલા છે. તેના આધારે જ ગીતા, રામાયણ- મહાભારત તેમજ સ્ત્રોતસૂત્ર અને ગ્રંથોની રચના થઈ છે. આ રીતે વેદ આપણી સંસ્કૃતિ અને ધર્મનો આધારસ્તંભ છે. જો મનુષ્યને પૂર્ણતા પામવી હશે તો તેના મૂળમાં સંસ્કૃતરૂપી સિંચન કરવું જરૂરી છે. એટલે કે, વેદ સર્વાધિક પ્રાચીન ગ્રંથ છે. જર્મન લેખક મેક્સમૂલરે પણ એ વાતનો સ્વીકાર કર્યો હતો કે, વિશ્વની પહેલી લાઈબ્રેરી બની તેમાં જે પ્રથમ ગ્રંથ પ્રાપ્ત બન્યો તે વેદ જ હતો. વેદ પછી જ બાકીના અન્ય સાહિત્યનું સર્જન થયું છે. આપણી જ્ઞાન પરંપરામાં સૌથી પ્રાચીન ગ્રંથ વેદ છે. આ વેદ તમામ વિદ્યાઓથી પરિપૂર્ણ છે. કોઈ એવી વિદ્યા નથી કે જે વેદમાં નથી. તમામ સાહિત્યની રચનાઓનો આધાર વેદ છે. યુની.ના કુલપતિ સુકાંતકુમાર સેનાપતિએ જણાવેલ કે, સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીમાં વિકસિત ભારત માટે પાયાના પથ્થર સાબિત થાય તે પ્રકારના વિદ્યાર્થીઓનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. યુનિવર્સિટીમાં ગુણોત્કર્ષના માધ્યમથી વિદ્યાર્થીઓનો વિકાસ, શાસ્ત્રનું શિક્ષણ અને પ્રશિક્ષણ, રમતગમત સહિતની બહુઆયામી ઈત્તરપ્રવૃત્તિઓ સહિત વિદ્યાર્થીઓ અને કર્મચારીઓનું કૌશલ્ય વિકસે એ રીતે અધ્યયન કરાવવામાં આવી રહ્યું છે. દિક્ષાંત સમારોહમાં શાસ્ત્રી (બી.એ.) ૩૫૦, આચાર્ય (એમ.એ.) ૧૯૫, પીજીડીસીએ ૧૬૯, શિક્ષાશાસ્ત્રી (બી.એડ.) ૫૨ અને વિદ્યાવાચસ્પતિ (પીએચ.ડી.) ૧૦ ઉપરાંત ૨૩ ગોલ્ડમેડલ (સુવર્ણ પદક) અને ૪ સિલ્વરમેડલ (રજત પદક) એમ ૨૭ પદકો સાથે કુલ ૭૬૬ ડિગ્રી પ્રમાણપત્રો વિદ્યાર્થીઓને એનાયત કરવામાં આવ્યાં હતાં. આ સમારોહમાં જીલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજા, ડીડીઓ સ્નેહલ ભાપકર, પોલીસવડા મનોહરસિંહ જાડેજા, પ્રાંત અધિકારી વિનોદ જોશી, મહેન્દ્રભાઈ પીઠિયા સહિત સંતો-મહંતો,અગ્રણીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રામોદની ૪.૭૫ કરોડની ૮ એકર સરકારી ખરાબાની જમીન ઉપર દબાણ હટાવાયું

રાજકોટ, તા. ૩૦: માન.કલેકટરશ્રી પ્રભવ જોષીના આદેશાનુસાર તથા આસી. કલેકટરશ્રી, રાજકોટ શહેર-૨ શ્રી મહેક જૈનના માર્ગદર્શન હેઠળ આજરોજ કોટડાસાંગાણી તાલુકાના રામોદ ગામના સરકારી ખરાબાના સર્વે નં. ૬૬૪ તથા ૬૬૬ પૈકીની જમીન આશરે ૮ એકરમાં ફરતે બાંધવામાં આવેલી પાકી દીવાલ તથા ૨ રૂમનું પાકું મકાનનું દબાણ, મામલતદાર કોટડાસાંગાણી શ્રી ગુમાનસિંહ



જાડેજા તથા તેમની ટીમ દ્વારા પૂરતા પોલીસ બંદોબસ્ત સાથે દૂર કરવામાં આવેલ. સદરહુ દબાણની કાર્યવાહીમા નાયબ મામલતદારશ્રી હિતેન્દ્રસિંહ ચુડાસમા, પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી આર.એમ. રાઠોડ, પોલીસ સબ ઈન્સપેકટરશ્રી આઈ.ડી.જાડેજા, તલાટીશ્રી દીપ આહ્યા વિગેરે ઉપસ્થીત રહેલ હતા. સદરહુ જગ્યાની બજાર કિંમત આશરે ૪.૭૫ કરોડ જેટલી થાય છે.









# મૌની અમાવસ્યાના પવિત્ર દિવસે સોમનાથના ત્રિવેણી સંગમમાં લોકોએ ડુબકી લગાવી પુણ્યનું ભાથું બાંધ્યું

**■ પ્રયાગરાજ જેટલું મહત્વ ધરાવતા હિરણ, કપીલા અને સરસ્વતી નદીના ત્રિવેણી સંગમમાં સ્થાન કરવાનું અનેરૂ મહત્વ**

વેરાવળ, તા. ૩૦: મૌની અમાવસ્યાના પવિત્ર દિવસે પ્રભાસ તીર્થમાં સોમનાથ મહાદેવના સાનિધ્યમાં આવેલ ત્રિવેણી સંગમ ઘાટ ખાતે વહેલી સવારથી ભાવિકો ઉમટી પડયા હતા. આ તિથિના દિવસે ત્રિવેણી સંગમમાં સ્નાન કરવાનો અનેરો મહિમા હોવાથી સોમનાથ સાનિધ્યમાં હિરણ, કપિલા અને સરસ્વતી ત્રણ નદીનો સંગમ થતા સ્થળ ત્રિવેણી ઘાટ ખાતે મોટી સંખ્યામાં ભાવિકો નદીમાં સ્નાન કરી પુણ્યનું ભાથું બાંધતા જોવા મળતા હતા.

આજના પવિત્ર દિવસના મહત્વ વિષે સોમનાથના તીર્થ પુરોહિત કામેન્દુ ત્રિવેદીએ જણાવેલ કે, પોષ મહિનાની અમવાસીય એટલે મોની અમાવસ્યા કહેવાય છે. આજના દિવસે દાન, પુણ્ય અને સ્નાનનું ખુબ મહત્વ છે. પુરાણની અંદર સમુદ્ર મંથનની કથાનું જે વર્ણન કરેલ છે. જેમાં દેવતા અને દાનવો વચ્ચે યુધ્ધ થયુ ત્યારે અમૃતનું તત્વ ચાર સ્થળોએ પડેલું હતુ. તે પૈકીના પ્રયાગરાજ ખાતે હાલ મહાકુંભ મેળાનું આયોજન થયેલ છે. આ અમૃત પડયું તે સમયની સ્થિતિ અનુસાર તે જ સમાન સ્થિતિઓ આજની અમાવસીયાના દિવસમાં રહેલા છે. જે પ્રમાણે પ્રયાગરાજમાં ત્રિવેણી સંગમ છે એ પ્રમાણે અહીંયા સોમનાથમાં હિરણ, કપીલા અને સરસ્વતી નદીનો સંગમ છે. ત્યારે ત્યાં જેમ સરસ્વતી નદીમાં અમૃત તત્વ છે તે અહીં પણ છે. જેથી આજના પવિત્ર દિવસે અહીં ત્રિવેણી સંગમ ઘાટમાં સ્નાન કરવાથી પુણ્ય પ્રાપ્ત થાય છે.

આજના દિવસે ત્રિવેણી ઘાટ આવેલા તાલાલા ગીરના દિપકભાઈ અઢીયાએ જણાવેલ કે, આજના મોની અમાવસીયાના પવિત્ર દિવસે પ્રયાગરાજ તો જઈ શક્યા નથી પરંતુ ત્યાં જેટલું જ મહત્વ ધરાવતા સોમનાથના સાનિધ્યમાં ત્રણ નદીઓના સંગમ થતા ત્રિવેણી સંગમ નદીમાં સ્નાન કરીને પુણ્યનું ભાથું બાંધ્યું છે.



અહેવાલ : રવિ ખખ્ખર, ગીર સોમનાથ




# હડમતિયા ગોલીડાની નવી શરતની જમીન પેટે ૧૬ લાખ લઈ લીધા બાદ દસ્તાવેજ બીજાને કરી દીધો

■ **જમીનનો સોદો કર્યો, જૂની શરતમાં ફર્યા બાદ પરિવારે દસ્તાવેજ નહીં કરી દેતા પોલીસમાં ફરિયાદ**

રાજકોટ, તા. ૩૦ઃ રાજકોટ તાલુકાના હડમતિયા ગોલીડા ગામે આવેલી નવી શરતની ખેતીની જમીન જૂની શરતમાં ફેરવી આપવાની શરતે રૂપિયા ૩૫ લાખમાં વેચાણ સાટાખાત કરી રૂપિયા ૧૬ લાખ લઈ લીધા બાદ આ જમીન જૂની શરતમાં ફેરવ્યા બાદ કીંમત વધી જતા આરોપી પરિવારે બીજાને જમીનનો દસ્તાવેજ કરી છેતરપીંડી આચરી હતો અને ફરિયાદીને જમીન પર પગ મૂકયોતો જાન થી મારી નાખ્સુ તેવી ધમકી આપી હતી.આ અંગે કીડવાઈ નગરમાં રહેતા વિપ્રો કંપનીના સેલ્સ એક્ઝીક્યુટીવની ફરિયાદ પરથી હડતિયા ગોલીડા ગામે રહેતા પરિવારના ચાર શખ્સો અને જમીન ખરીદનાર ડેરોઇ ગામના શખ્સ વિરૂદ્ધ છેતરપીંડી ફરિયાદ નોંધાવતા આજીડેમ પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

જાણવા મળતી વિગત મુજબ કીડવાઈ નગર મેઈન રોડ પર સોમનાથ સોસાયટી શેરીનં.૫માં રહેતા અને વિપ્રો કંપનીમાં એરીયા સેલ્સ એક્ઝીક્યુટીવ તરીકે નોકરી કરતા આશુતોષભાઈ મનસુખભાઈ રાયઠઠા ઉમર વર્ષ ૪૦એ આજીડેમ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે હડમતિયા ગોલીડા ગામે રહેતા દેવાભાઈ રામભાઈ મીર, જીણાભાઈ રામભાઈ મીર, રામાબેન રામભાઈ મીર, જલુબેન ઉર્ફે જાનુબેન રામભાઈ મીર અને રાજકોટ તાલુકાના ડેરોઇ ગામે રહેતા છગનભાઈ સોરઠીયાના નામ આપ્યા છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ તેમના માતા કુંદનબેન મનસુખલાલ રાયઠઠાએ વર્ષ ૨૦૨૧માં આરોપીઓ પાસેથી હડમતિયા ગોલીડા ગામની રેવન્યુ સર્વે નંબર ૧૧૦ પૈકી ૫ની જીરાયત સત્તા પ્રકારની નવી શરતની પાંચ એકર અગીયાર ગુઠા જમીનનો રૂપિયા ૩૫ લાખમાં સોદો કરી રૂપિયા સોળલાખ આપ્યા હતા. જેમાં રૂપિયા ૧૨ લાખ રોકડા અને ચાર લાખ ચેકથી આપેલા હતા. બાદમાં બાકી રહેતી રૂપિયા ૧૯લાખની રકમ જૂની શરતમાં ફેરવયા બાદ ૩૦ દિવસમાં આપવાની અને વેચાણ દસ્તાવેજ કરી આપવાનુ વચન આપ્યુ હતુ.

ત્યારબાદ આરોપીઓએ આ જમીન નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવ્યા બાદ જમીનના ભાવ વધી જતા વધુ ભાવ મળવાની લાલચે આ જમીનનો વેચાણ દસ્તાવેજ ડેરોઈ ગામના છગનભાઈ જાદવભાઈ સોરઠીયાને કરી આપી આ જમીન વેચી નાખી હતી. ત્યારબાદ ફરિયાદના માતાનુ તા.૮-૮-૨૦૨૨ના અવસાન થતા ફરિયાદીએ સીધી લીટીના વારસદાર તરીકે દાવો દાખલ કર્યો હતો. આ જમીનનો વેચાણ દસ્તાવેજ કરી આપવા આરોપીઓને જણાવતા ગાળો આપી જમીન પર પગ મુકયો છે કે, તે સંબંધે કોઈ કાર્યવાહી કરી છે. તો જાનથી મારી નાખશુ તેવી ધમકી આપી હતી. જેથી આ અંગે આજીડેમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બે મહિલા સહિત પાંચ આરોપી વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટ સિવિલમાં ખોદેલા ખાડામાં પડી જતા દર્દીનું મોત

**■ બેરીકેટના અભાવે અકસ્માત સર્જાયાનો પરિવારનો આક્ષેપ, સુપ્રિટેન્ડન્ટે કહ્યું– હવે ઊંચા અને મજબૂત બેરિકેટ લગાવીશું**



રાજકોટ, તા. ૩૦ઃ રાજકોટ સિવિલ હોસ્પિટલ તંત્ર પર બેદરકારીનો આરોપ લાગ્યો છે. જેમાં સારવાર લઈ રહેલા દર્દીને મોત મળ્યું હતું. વહેલી સવારે હોસ્પિટલમાં બનતા ગેટના પિલોર માટેનાં ખાડામાં પડતા જગદીશ મનસુખભાઈ ચાવડા નામના દર્દીનું મોત નિપજ્યું છે. આ દર્દી પેટનાં સોજાની સારવાર માટે હોસ્પિટલમાં દાખલ હતો. સવારે ચા પીવા માટે વોર્ડમાંથી નીચે ઉતરતા ખાડામાં પડી જવાથી આ દર્દીને સાજા થવાને બદલે મોત મળ્યું હતું. સમગ્ર મામલે પરિવારે કોઈપણ પ્રકારના બેરીકેડ ન લગાવ્યા હોવાથી દુર્ઘટના બની હોવાનો આરોપ પરિવારજનોએ લગાવ્યો છે. જોકે સિવિલ અધિક્ષકે ઘટના અંગે દુઃખ વ્યક્ત કરી તપાસ કમિટીની દેખરેખમાં તપાસ કરવાની ખાતરી આપી છે. ત્યારે સાચી હકીકત તપાસ પૂર્ણ થયા બાદ જ સામે આવશે.

**બેરીકેટના અભાવે અકસ્માત સર્જાયો– મૃતકના ભાઈ**

મૃતક જગદીશભાઈનાં મોટાભાઈ સંજય ચાવડાએ આ અંગે જણાવ્યું હતું કે, મારા ભાઈને પેટમાં સોજા હોવાથી તેને ત્રણ દિવસ પહેલા દાખલ કરવામાં આવ્યો હતો. આ સારવાર સફળ રહેતા તે સાજો થયો હતો. અને આજે તેને રજા આપવાના હતા. ડોક્ટરે તેને ચાલવાનું કહ્યું હોય તે સવારે ચાલીને નીકળ્યો હતો. દરમિયાન ગેઈટનું કામ ચાલતું હતું ત્યાં કોઈ બેરીકેડ નહીં હોવાથી ત્યાંથી ચા પીવા ગયો હતો. અને ઊંડા ખાડામાં પડી જતા ભાઈને સારવાર માટે ખસેડાયો હતો. પરંતુ ટૂંકી સારવાર બાદ તેનું મોત નિપજ્યું છે. સિવિલ તંત્ર દ્વારા કોઈ બેરીકેડ લગાવ્યા નહોતા જેને કારણે આ દુર્ઘટના બની છે. તંત્રએ સાવચેતી રાખવી જોઈએ. અહીં લોકો સાજા થવા માટે આવે છે તેને બદલે મારા ભાઈને મોત મળ્યું છે.

**આ મામલાની તપાસ કરવામાં આવશે– સુપ્રિટેન્ડન્ટ**

સિવિલ અધિક્ષક ડો. મોનાલીબેન માંકડિયાનાં જણાવ્યા મુજબ સિવિલ હોસ્પિટલમાં નવો ગેઈટ બનાવવાની કામગીરી ચાલી રહી છે. જેનાં માટે બનાવવામાં આવેલા ખાડામાં પડતા એક દર્દીનું મોત થવાની દુઃખદ ઘટના સામે આવી છે. આ મામલે કોન્ટ્રાક્ટરની બેદરકારી હોવાનો આરોપ પરિવારે લગાવ્યો છે. જેને લઈ આ અંગે તપાસ કરવામાં આવશે. આ માટે તપાસ કમિટી બનાવવાની કામગીરી હાલમાં ચાલી રહી છે. જેના દ્વારા સીસીટીવી સહિતનાં મધ્યમોથી તપાસ કરવામાં આવશે. જેમાં કોન્ટ્રાક્ટરે બેરીકેડ નહીં લગાવ્યા હોવાનું સામે આવશે તો તેમની સામે નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

**અકસ્માત બાદ બેરીકેટ કરાયાનો આક્ષેપ**

ઉલ્લેખનીય છે કે, નવો ગેઈટ બની રહ્યો છે ત્યાં આજે ખાડામાં પડી જતા દર્દીનું મોત નિપજ્યું હોવાની ઘટના સામે આવી હતી. જ્યાં હાલ લગાવવામાં આવેલ બોર્ડ અને બેરીકેડની પટ્ટી તદ્દન નવી લાગતી હતી. જેને લઈને દુર્ઘટના બાદ લગાવવામાં આવી હોવાની શક્યતા છે. તો અમુક સ્થાનિકોએ પણ જણાવ્યું હતું કે, અગાઉ કોઈ પટ્ટી કે બેરીકેડ લગાવ્યા નહોતા. આજે વહેલી સવારમાં દુર્ઘટના બન્યા બાદ લાગ્યા છે. જોકે તેઓએ કેમેરા સામે બોલવાનો ઈન્કાર કર્યો હતો. ત્યારે આ અંગે તટસ્થ રીતે તપાસ કરવામાં આવે તો કોન્ટ્રાક્ટરની બેદરકારી સામે આવે એવી શક્યતા છે. રાજકોટ સિવિલ હોસ્પિટલમાં બનેલી મોતની ઘટના મામલે ધારાસભ્ય ડો. દર્શિતા શાહે ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી. આ મુલાકાત બાદ તેઓએ જણાવ્યું હતું કે, બાંધકામ કોન્ટ્રાક્ટ એજન્સી અને સિક્યુરિટી એજન્સીને કડક સૂચના આપવા સિવિલ હોસ્પિટલ તંત્રને રજૂઆત કરવામાં આવી છે તથા ગેટ પિલોરના ખાડામાં બીજા અકસ્માત ન થાય તે માટે બેરીકેડ અથવા લાંબા પતરા નાખવા સૂચન આપ્યું હતું.

# ૧૧ વર્ષના કિશોરનું હાર્ટ-એટેકથી મોતઃ ધો.૫માં ભણતા હેતાંશને અચાનક છાતીમાં દુઃખાવો ઊપડતા હોસ્પિટલ ખસેડાયો

રોજકોટ, તા. ૩૦ઃ જસદણ તાલુકાના જંગવડ ગામની કુમાર પ્રાથમિક શાળામાં ભણતા હેતાંશ રશ્મિકાંતભાઈ દવેને અચાનક છાતીમાં દુખાવો ઉપડતા તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર મળે તે પહેલાં જ બાળકને ડોક્ટરે મૃત જાહેર કરતા પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ છે. જસદણના જંગવડ ગામે ધોરણ પાંચમાં ભણતા વિદ્યાર્થી હેતાંશ દવેએ દસ દિવસ પહેલાં ખેલ મહાકુંભમાં તાલુકા કક્ષાએથી મેદાન માર્યું હતું. અચનાક ૧૧ વર્ષીય હેતાંશને છાતીમાં દુખાવો ઊપડ્યો હતો. જેથી તેને તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો



હતો. જ્યાં ફરજ પરના ડોક્ટરોએ હેતાંશને મૃત જાહેર કર્યો હતો. નાની ઉંમર બાળકના હૃદય રોગના હુમલાથી મોતના કારણે બ્રાહ્મણ પરિવારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ હતી.

થોડા દિવસ પહેલાં અમદાવાદના થલતેજમાં આવેલી જાણીતી ઝેબર સ્કૂલમાં ગાર્ગી રાણપરા નામની ૮ વર્ષની બાળકીનું મોત થયું હતું. સવારના ૮ વાગ્યે સીડી ચઢીને આવી રહી હતી ત્યારે તેને છાતીમાં દુખાવો થયો હતો, જેથી તે લોબીની ચેર પર બેસી ગઈ અને પછી થોડી ક્ષણમાં જ ઢળી પડી હતી. ત્યાર બાદ વિદ્યાર્થિનીને ઝાયડસ હોસ્પિટલમાં ખસેડી હતી, જોકે હોસ્પિટલે વિદ્યાર્થિનીને મૃત જાહેર કરી હતી.

# રાજકોટમાં નકલી પોલીસની બોલબાલા: પોલીસ કેસ થશે કહીં યુવક પાસેથી રૂ. ૨૩,૦૦૦ પડાવ્યા

### સગીર સહિત બે આરોપીની ધરપકડ

રાજકોટ, તા. ૩૦: રાજકોટ શહેરમાં અસલી પોલીસ જેટલી નિષ્ક્રિય બની છે તેટલી જ નકલી પોલીસ સક્રિય બની હોય તેવું લાગી રહ્યું છે. ગત તારીખ ૨૫ જાન્યુઆરીના રોજ ચોટીલાના લાખણકા ગામના યુવકને નકલી પોલીસનો ભેટો થયો હતો અને રેડલાઇટ એરિયામાં મહિલા સાથે વાત કરતો હતો. કેસ કરવાનો છે તેમ કહીં ધમકાવી યુવક પાસેથી રૂપિયા ૨૩ હજાર લૂંટીને બે શખસ નાસી ગયા હતા. જેની ફરિયાદ આધારે તપાસ હાથ ધરી આજ રોજ થોરાળા પોલીસ દ્વારા એક સગીર સહિત બે આરોપીને ઝડપી પાડી ગુનામાં વપરાયેલા વાહન તેમજ ૨૩,૦૦૦ રોકડ સહિત મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ તપાસમાં આરોપી દ્વારા અગાઉ પણ પોલીસના નામે તોડ કરવા તેમજ ચોરી સહિત સાત ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુક્યો હોવાનું સામે આવ્યું છે.



રાજકોટ એસીપી વિનાયક પટેલએ જણાવ્યું હતું કે, ચોટીલાના લાખણકા ગામે રહેતા ફરિયાદીએ થોરાળા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં બે અજાણ્યા શખસ હોવાનું જણાવ્યું હતું. ફરિયાદીના મોટાભાઇ તથા ભાભી ગ્રીનલેન્ડ ચોકડી પાસે રહે છે. ભાભીને રૈયા રોડ પરની હોસ્પિટલમાં પ્રસૂતિ અર્થે દાખલ કરવામાં આવ્યા હોય માટે તેઓ રાજકોટ આવ્યા હતા. દરમિયાન તા. ૨૫ જાન્યુઆરીના રોજ સાંજે હોસ્પિટલથી તેઓ ભાઇના ઘરે જવા નીકળ્યા ત્યારે હોસ્પિટલ ખર્ચના રૂપિયા ૨૫ હજાર રોકડા સ્કૂટરની ડેકીમાં રાખ્યા હતા.

ફરિયાદી ચુનારાવાડ ચોક ભાવનગર રોડથી અમૂલ સર્કલ પાસે પહોંચતા સમયે પાછળથી સ્કૂટરમાં બે શખસો આવ્યા હતા અને બંનેએ પોતાની ઓળખ પોલીસ તરીકે આપી હતી અને કહ્યું હતું કે તું ચુનારાવાડ ચોક પાસે મકાનની ડેલી નજીક એક સ્ત્રી પાસે ગયો હતો, તારી પાછળ આવીને અમે તને પકડ્યો છે, તારા ઉપર પોલીસ કેસ કરવાનો છે, પોલીસ સ્ટેશન ચાલ તેમ કહીને ધમકાવતા ફરિયાદી ગભરાઇ ગયો હતો અને તેણે તમારી રીતે પૂરું કરોને મારા ભાભીને હોસ્પિટલમાં દાખલ કર્યા છે. હોસ્પિટલે જવાનું છે તેવી આજીજી કરતાં બંનેએ તારા ગૂગલ પે એકાઉન્ટમાં કેટલા પૈસા પડ્યા છે તેમ કહેતા ફરિયાદીએ રૂપિયા ૪૫૦૦ હોવાનું કહેતાં બે પૈકીના એક શખસે ફરિયાદી પાસેથી તેના સ્કૂટરની ચાવી લઇ લીધી હતી અને સ્કૂટરની ડેકી ખોલી હતી તેમાં રૂપિયા ૨૫ હજાર દેખાઇ જતાં તે શખસે લઇ લીધા હતા અને રૂપિયા ૨ હજાર પરત આપી રૂપિયા ૨૩ હજાર લઇને બંને નાસી ગયા હતા.

બંને શખસ નકલી પોલીસ હોવાની શંકા જતા પોલીસ કન્ટ્રોલ રૂમ પર ફોન કરતાં થોરાળા પોલીસની ટીમ દોડી ગઇ હતી અને પોલીસ સ્ટેશન લાવી ફરિયાદીની ફરિયાદ પરથી પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. દરમિયાન આજે બાતમીના આધારે થોરાળા પોલીસે સલીમ અને સગીર આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ તપાસમાં આરોપી સલીમ અગાઉ પણ પોલીસની ખોટી ઓળખ આપી રૂપિયા પડાવ્યા હોવાનું અને ચોરી સહિત કુલ સાત ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુક્યો હોવાનું અને સગીર આરોપી પણ અલગ અલગ બે ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુક્યો હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે.

# SNK સ્કૂલના વિવાદમાં યુ ટર્ન: વિદ્યાર્થી સંગઠનોના હોબાળા અને DEOની તપાસ કમિટી બાદ વાલીએ કહ્યું- 'અમારા વચ્ચે સમાધાન થઈ ગયું'

રાજકોટ, તા. ૩૦: રાજકોટમાં આવેલી SNK સ્કૂલની વિદ્યાર્થિનીના વાઇરલ વીડિયો બાદ છેલ્લા ત્રણ-ચાર દિવસથી ગાજી રહેલા મામલામાં આજે યુ ટર્ન આવ્યો છે. સ્કૂલના જ વિદ્યાર્થીઓ પરેશાન કરતા હોવાનો અને સ્કૂલ કોઈ પગલાં ન લેતી હોવાના વિદ્યાર્થિનીના આક્ષેપ બાદ DEOએ તપાસ માટે કમિટીની રચના કરી હતી. જ્યારે વિદ્યાર્થી સંગઠનોએ સ્કૂલ પર વિરોધપ્રદર્શન કરી કાર્યવાહીની માગ કરી હતી. એની વચ્ચે આજે વિદ્યાર્થિનીના વાલીનો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં તેમણે શાળા, વાલીઓ વચ્ચે સમાધાન થઈ ગયાનું કહી રહ્યા છે. વિદ્યાર્થિનીએ વીડિયોમાં ધોરણ ૧૧ના વિદ્યાર્થીઓ સામે આક્ષેપ કર્યો હતો, પરંતુ તેના વાલીએ કહ્યું હતું કે આ મામલામાં કોઈ વિદ્યાર્થી નથી.

રાજકોટની જાણીં સ્કૂલની ધોરણ ૬ની



વિદ્યાર્થિની, જેનાં દ્વારા જ એવો આક્ષેપ કરવામાં આવી રહ્યો હતો કે ધોરણ ૧૧ના વિદ્યાર્થીઓ દ્વારા પજવણી કરવામાં આવી રહી છે, જોકે આજે તેમના દ્વારા જ આજે એક વીડિયો જાહેર કરવામાં આવ્યો છે. એમાં તે વિદ્યાર્થિની ઉપરાંત અન્ય વિદ્યાર્થિનીઓ અને વાલીઓ એવું કહી રહ્યાં છે કે આ સમગ્ર ઘટનામાં અમે શાળા સંચાલક સહિતના સાથે વાતચીત કરી લીધી છે અને એમાં સમાધાન થઈ ગયું છે, જેથી હવે આ ઘટનામાં અન્ય કોઈ સંસ્થાએ વીડિયો વાઇરલ કરવાની જરૂર નથી, જેથી આ વીડિયો દૂર કરવામાં આવે એવું જણાવ્યું હતું. આ દરમિયાન જાણીં સ્કૂલ દ્વારા ઓફિશિયલ લેટર જાહેર કરવામાં આવ્યો છે, જેમાં તેઓ એવું લખી રહ્યા છે કે આ ઘટનામાં જે વિદ્યાર્થિનીઓ હતી તેઓ તેમજ તેમના વાલીઓ સ્કૂલ ખાતે આવી પહોંચ્યાં હતાં અને જિલ્લા શિક્ષણ અધિકારીની ટીમ દ્વારા તમામ વિદ્યાર્થીઓ અને વાલીઓની પૂછપરછ કરવામાં આવી હતી, પરંતુ તેમની સમસ્યા દૂર થઈ ગઈ છે અને આ ઘટનામાં વિદ્યાર્થિનીઓ જ હતી. જેમાં શાળાના ધોરણ-૧૧ના છોકરા તેને પરેશાન કરતા હોવાનો આક્ષેપ કર્યો હતો અને આ મામલે શાળાને વારંવાર ફરિયાદ કરી હોવા છતાં કોઈ કાર્યવાહી ન કરાતી હોવાનો આક્ષેપ કર્યો હતો.

વિદ્યાર્થિનીનો વાઇરલ વીડિયો DEO કચેરીને મળતાં તેમના દ્વારા ક્લાસ-૨ અધિકારીની આગેવાની એક તપાસ કમિટીની રચના કરવામાં આવી હતી. તેઓ દ્વારા વિદ્યાર્થિની અને શાળાનાં નિવેદન લેવામાં આવ્યાં હતાં.

# ભાજપના લેટરકાંડમાં કોંગ્રેસે ઝુંકાવ્યું : ભ્રષ્ટાચાર અને સત્તાની લડાઇ જવાબદાર : અમિત ચાવડા

### ભાજપમાં અસંતોષનો ઉકળતો ચરૂ ભાગબટાઇને કારણે પત્રકાંડ થતાં હોવાનો કોંગ્રેસ નેતાનો આક્ષેપ



રાજકોટ, તા.૨૯

ભાજપના જિલ્લા પ્રભારી ધવલ દવે સામે અનેકવિધ આક્ષેપો સાથેના નનામા લેટરથી આંતરીક ધમાસાણ સર્જાયું છે અને હવે તેમાં કોંગ્રેસે પણ ઝુંકાવ્યું છે. ભાજપમાં સત્તા અને ભ્રષ્ટાચારની ભાગબટાઇની લડાઇમાં આવા પત્રકાંડ સર્જાતા હોવાનો આક્ષેપ કોંગ્રેસના નેતા અમિત ચાવડાએ કર્યો છે.

રાજકોટની મુલાકાતે આવેલા કોંગ્રેસના નેતા અમિત ચાવડાએ ભાજપના લેટરકાંડ વિશેના સવાલના જવાબમાં પત્રકારોને જણાવ્યું હતું કે, પત્રકાંડ મારફત ભાજપમાં આંતરીક અસંતોષ બહાર આવી રહ્યો છે. આ સમગ્ર ઘટનાક્રમ પાછળ સત્તા અને ભ્રષ્ટાચારની ભાગબટાઇની લડાઇ જવાબદાર છે. અમરેલીના લેટરકાંડમાં કેવી રીતે સત્તાનો દુરૂપયોગ થાય છે તે સાબિત થઇ ગયું છે.

રાજકોટના કથિત લેટરકાંડમાં પણ પદ માટે પૈસા અને સત્તાના દુરૂપયોગના આક્ષેપ છે. ભાજપમાં જુથવાદનો ઉકળતો ચરુ બહાર આવી રહ્યો છે. પ્રદેશથી માંડીને ગામ સુધી અને બુથલેવલ સુધી જુથવાદ છે.

મોદીથી માંડીને સી.આર. પાટિલ અને વિજય રૂપાણીથી માંડીને ભુપેન્દ્ર પટેલ જેવા જુથોના નામ લેવામાં આવતા હોય છે. આ સમગ્ર ઘટનાક્રમ માટે ભ્રષ્ટાચારથી મેળવાતા નાણાં અને સત્તાની લડાય જ જવાબદાર છે. રાજકોટના લેટરની પણ ફોરેન્સીક તપાસ કરાવવામાં આવે તો સાચી હકીકત બહાર આવી શકે.

### વીજફોલ્ટ રીપેરીંગમાં એકાએક કરંટ આવતા લાઇનમેનનું મોત

# પ્રાથમિક દ્રષ્ટિએ આર.વર્લ્ડમાં જનરેટર ચાલુ કરતા પાવર બેક થયો હોવાનું જાણવા મળ્યું

રાજકોટની સદર બજારમાં રાત્રીના ટીસીમાં વીજફોલ્ટ રીપેરીંગ કરતી વખતે અચાનક વીજ પ્રવાહ શરૂ થઇ જતા લાઇનમેનને વીજશોક લાગતા ગંભીર હાલતમાં પ્રથમ ખાનગી બાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતા સારવાર કારગત ન નીવડતા મોત થયું હતું. આ બનાવમાં પ્રથમ દ્રષ્ટિએ આર.વર્લ્ડમાં જનરેટર ચાલુ કરતા તેમાથી બેક પાવરના લીધે કરંટ લાગ્યો હોવાનું જણાયું હતું. જે અંગે પુરાવા એકત્ર કરવામાં આવી રહ્યા છે, ત્યારબાદ ફરિયાદ નોંધાવવામાં આવશે. બીજી તરફ હાલ PGVCL દ્વારા આર.વર્લ્ડનુ વીજ કનેકશન કાપી નાખવામાં આવ્યું છે અને પુરાવા એકત્ર થયા બાદ ગુનો પણ નોંધવામાં આવશે.

રાજકોટમાં પોપટપરામાં રઘુનંદન સોસાયટીમાં રહેતા અને PGVCLમાં હેલ્પર તરીકે નોકરી કરતા નરેન્દ્રભાઇ ગોવિંદભાઇ જાદવ (ઉ.વ.૪૧) નામનો



યુવક રાત્રીના ફરજ પર હતા ત્યારે સદર બજારમાં વીજ ફોલ્ટ આવતા ટીમ સાથે સદર બજારમાં ભારત ફૂટની સામે આવેલા ટીસીમાં ફોલ્ટ રીપેરીંગ માટે ગયા હતા. આ દરમિયાન વીજપુરવઠો બંધ કરવાની જાણ કન્ટ્રોલ રૂમમાં જાણ કરતા પુરવઠો બંધ કરવામાં આવ્યો હતો અને ટીસી ઉપર રીપેરીંગ કામ કરી રહ્યાં હતાં ત્યારે અચાનક વીજ પુરવઠો શરૂ થતાં નરેન્દ્રભાઇને વીજશોક લાગતા વીજ તાર સાથે ચોંટી ગયાં હતા. જેથી તાકીદે સાથી કર્મીઓએ વીજ પુરવઠો બંધ કરાવી નરેન્દ્રભાઇને બેભાન હાલતમાં નીચે ઉતારી સારવાર અર્થે પ્રથમ ખાનગી હોસ્પિટલ અને બાદમાં સિવિલ હોસ્પિટલે ખસેડવામાં આવતા ટૂંકી સારવાર દરમિયાન દમ તોડી દીધો હતો.

આ ઘટનાનને લઇ PGVCLની ટીમે ખરેખર કરંટ આવ્યો ક્યાંથી તે અંગે તપાસ કરવા આસપાસના ડીજીસેટ (જનરેટર) અને તપાસ કરી હતી. જેમાં દુર્ઘટના બની તેના થોડે જ અંતરે આવેલા આર વર્લ્ડ સિનેમાના જનરેટરમાંથી બેક કરંટ આવ્યો હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ સામે આવ્યું હતું. આ અંગે PGVCL રાજકોટના ડિવિઝન-૨ ના કાર્યપાલક ઇજનેર બી.એમ.પટેલે જણાવ્યું હતું કે, પ્રાથમિક દ્રષ્ટિએ આર.વર્લ્ડમાંથી પાવર બેક થયો હોવાનું જણાઇ રહ્યું છે. જે અંગે પુરાવા એકત્ર કરાઇ રહ્યા છે. બાદમાં આ બાબતે ફરિયાદ નોંધાવવામાં આવશે. હાલ ની ટીમ દ્વારા આર.વર્લ્ડનું વીજ કનેકશન કાપી નાખવામાં આવ્યું છે.

# સરકારની વોલ્વો બસમાં મહાકુંભમાં ગયેલા ગુજરાતીઓ સુરક્ષિત

### હાલ અમદાવાદથી પ્રયાગરાજના રૂટો યથાવતઃ બસનું 30 દિવસનું બુકીંગ ફુલ

અમદાવાદ,તા.૨૯

પ્રયાગરાજમાં કુંભમેળામાં ગુજરાતના યાત્રીઓ સફળતાથી પ્રયાગરાજમાં કુંભમેળા સ્થળે પહોંચી શકે તે માટે જીએસઆરટીસીની વોલ્વો બસની ખાસ વ્યવસ્થા કરાઇ હતી, જેને લીલીઝંડી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલે આપી હતી. ગુજરાત સરકારની એસટી વોલ્વો બસોમાં પ્રયાગરાજ કુંભમેળામાં ગયેલા ગુજરાતના સુરક્ષિત હોવાનું જણાવવામાં આવ્યું છે. જીએસઆરટીસીના અધિકારીએ આ વિગત જણાવી હતી.

ઉલ્લેખનીય છે કે, પ્રયાગરાજમાં મહાકુંભમાં ગુજરાતના યાત્રાળુઓ આરામથી જઇ શકે તે માટે જીએસઆરટીસી દ્વારા ખાસ વોલ્વો બસની વ્યવસ્થા કરાઇ હતી. આ વોલ્વો બસના મહિનાનું બુકીંગ ફુલ થઇ ગયું છે.

આ વોલ્વો બસનું ભાડુ પણ ૮૧૦૦ આવક-જાવકનું રખાયુ છે.






ગઇકાલે રાત્રે બે વાગ્યે મૌની અમાસ દરમિયાન શ્રદ્ધાળુઓમાં નાશ-ભાગ મચી હતી. જેમાં ૨૦થી વધુ શ્રદ્ધાળુઓના મોત થયા હતા અને સેંકડો લોકો ઘાયલ થયા હતા ત્યારે ગુજરાતથી સરકારની વોલ્વો બસમાં પ્રયાગરાજમાં ગયેલા શ્રદ્ધાળુઓ સુરક્ષિત હોવાનું જાણવા મળ્યું છે.પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભમાં ડૂબકી લગાવવા અમદાવાદથી જીએસઆરટીસીની વોલ્વો બસમાં ગુજરાતી શ્રદ્ધાળુઓ પણ પહોંચ્યા છે. મહાકુંભમાં ગયેલા તમામ ગુજરાતીઓ સલામત હોવાની વાત સામે આવી છે. મહાકુંભમાં ભાગદોડ બાદ સ્થિતિ સામાન્ય બની ગઇ છે.

સરકારી વોલ્વોમાં કુંભમાં ગયેલા ગુજરાતીઓ સુરક્ષિત છે તેમને કોઇ તકલીફ પડી નથી. ૨૭મી ફેબ્રુઆરીએ નીકળેલી પહેલી બસ સવારે ૫ કલાકે પહોંચી ગઇ છે. GSRTC વિભાગ ત્યાંની પરિસ્થિતિ મુજબ વ્યવસ્થા કરશે,સાથે સાથે વધુ ભીડ હોય તો બસના યાત્રિઓને હોલ્ટ કરાશે તેમજ હાલ ગુજરાતથી જતી GSRTC ની બસના રૂટ યથાવત છે.

અમદાવાદના ગીતામંદિરના ડેપો મેનેજર બંને વોલ્વો બસ સાથે પ્રયાગમાં હાજર છે. તેમણે તમામ ગુજરાતી પ્રવાસીઓ સુરક્ષિત હોવાની પુષ્ટિ કરી હતી. ઉપરાંત ગીતામંદિરથી ઉપડેલી વોલ્વો બસના તમામ મુસાફરો સંગમ ઘાટ પર હોવાની માહિતી આપી હતી.

મુંબઇ સમાચારે GSRTC ના પરિવહન અધિકારી હિમાંશુ જોશી એ જણાવ્યું હતુ કે, મુખ્યમંત્રીએ જે બે બસોને લીલી ઝંડી આપીને રવાના કરી હતી તે બંને બસોના પ્રવાસીઓએ સંગમ પર સ્નાન કરી લીધું છે અને સુરક્ષિત છે.

ગીતામંદિરથી ત્રીજી બસ જે ઉપડેલી હતી તે પણ પ્રયાગરાજ તરફ પ્રયાણ કરી રહી છે અને રસ્તામાં છે. આ ઉપરાંત આજે અન્ય એક બસ પણ ઉપડવાની છે. તમામ મુસાફરો માટે ગુજરાત ટુરીઝમ દ્વારા અને ગુજરાત એસટી દ્વારા સંપૂર્ણ વ્યવસ્થા કરવામાં આવેલી છે, યાત્રાળુઓ ખૂબ જ સુખ શાંતિથી પ્રવાસ કરી રહ્યા છે.

### મનપા વેરા વસુલાત ઝુંબેશમાં વધુ ૪ મિલ્કત સીલ



રાજકોટઃ રાજકોટ મનપા વેરા વસુલાત શાખાની બાકી વેરા વસુલાતમાં આજે ૪ મિલ્કતોને સીલ સાથે ૩ યુનિટને નોટીસ ૪ નળ કપાત સાથે સ્થળ પર જ રૂ.૩૫.૩૮ લાખની રિકવરી થઇ હતી.વેરા વસુલાત શાખાએ આજે વોર્ડ નં.૭ સોની બજારમાં અપુભાઇ આર્કેડ ફર્સ્ટ ફ્લોર શોપ નં.૧૦૭, પરધામ ઔદ્યોગિક વિસ્તારમાં ૧-યુનિટ, કોઠારીયા રોડ પર ૧-યુનિટ અને ન્યુ નહેરૂનગર ૧-યુનીટને સીલ કર્યુ હતું.ગોપાલનગર-૫, કોઠારીયા રોડ-૨ અને આશાપુરાનગરમાં ૧ નળ મળી કુલ ૪ નળ કપાત કર્યા હતા.બપોર સુધીમાં સ્થળ ઉપર જ રૂ.૩૫.૩૮ લાખની રીકવરી કરી હતી તા.૧-૪-૨૪થી આજ દીન સુધીમાં રૂ૪૫.૪૬ કરોડની રીકવરી કરી છે.

# રાજ્યભરમાં સ્પર્શ લેપ્રસી અવેરનેસ કેમ્પેઈન - જન જાગૃતિ અભિયાન આજ થી ૧૩ ફેબ્રુઆરી દરમિયાન યોજાશે

## ડિસેમ્બર–૨૦૨૪ સુધીમાં ૧૦ હજારની વસ્તીએ પ્રિવેલન્સ રેટ ૦.૪૦ હાંસલ કરાયો

### ૧૨ હાઈ એન્ડેમીક જિલ્લાઓ પૈકી સાતમાં રક્તપિત્તનું પ્રમાણદર એક ટકા કરતા ઓછું



રાજકોટઃનાગરિકોમાં રક્તપિત્ત અંગે વધુ જાગૃતિ લાવી તેની વિનામૂલ્યે સારવાર મળી રહે તે માટે ગુજરાતમાં અનેકવાર અભિયાન ચલાવવામાં આવી રહ્યાં છે. વિકસિત ભારત અભિયાન અંતર્ગત રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા તમામ જિલ્લાઓમાં ૩૦ જાન્યુઆરી ગાંધી નિર્વાણ દિવસ-એન્ટી લેપ્રસી ડે નિમિત્તે તા. ૩૦ જાન્યુઆરી થી ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૫ દરમિયાન સ્પર્શ લેપ્રસી અવેરનેસ કેમ્પેઈન - જન જાગૃતિ અભિયાન યોજાશે તેમ, આરોગ્ય વિભાગની યાદીમાં જણાવાયું છે.

ભારત સરકારના આરોગ્ય વિભાગ દ્વારા આ વર્ષે ''ચાલો સૌ સાથે મળીને જાગૃતિ લાવીએ, ગેરસમજ દૂર કરીએ અને રક્તપિત્ત-ગ્રસ્ત વ્યક્તિ વણ શોધાયેલ ન રહે તે સુનિશ્ચિત કરીએ.'' નું સુત્ર આપવામાં આવ્યું છે. યાદીમાં વધુમાં જણાવ્યા અનુસાર, આ પખવાડિયા દરમિયાન રકતપિત્ત વિશે નાગરીકોમાં વધુ જનજાગૃતિ લાવવા માટે કામગીરી હાથ ધરાશે. રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા વર્ષોથી રક્તપિત્તને નાથવા માટે અનેકવિધ પગલા હાથ ધરવામાં આવી રહ્યાં છે. જેના પરિણામે રાજ્યમાં પ્રિવેલન્સ રેટ એક કરતાં ઓછો લાવવામાં સફળતા મળી છે એટલે કે, ડિસેમ્બર-૨૦૨૪ સુધીમાં ૧૦ હજારની વસ્તીએ પ્રિવેલન્સ રેટ ૦.૪૦ હાંસલ કરાયો છે.

આ ઉપરાંત ડિસેમ્બર-૨૦૨૪ સુધીમાં ૧૨ હાઈ એન્ડેમીક જિલ્લાઓ પૈકી ૭ જિલ્લાઓ ભરૂચ, દાહોદ, મહિસાગર, નવસારી, પંચમહાલ, સુરત અને વડોદરામાં રક્તપિત્તનું પ્રમાણદર એક ટકા કરતા ઓછું લાવવામાં પણ સફળતા મળી છે. આરોગ્ય વિભાગ દ્વારા ડિસેમ્બર-૨૦૨૪ સુધીમાં જરૂરિયાતમંદ રકતપિત્તના દર્દીઓને વિનામૂલ્યે ૬,૨૩૪ માઈક્રો સેલ્યુલર રબર શુઝ (એમ.સી.આર.), ૨૮ રીકન્સ્ટ્રીવ સર્જરી, ૨,૩૦૧ અલ્સર કીટ આપવામાં આવી છે. આમ આપણે સહિયારા પ્રયાસો થકી રક્તપિત્ત નાથી શકીશું.આ ઉપરાંત રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા રકતપિત્તના વણશોધાયેલ દર્દીઓ શોધવા લેપ્રસી કેસ ડીટેકસન કેમ્પેઈન, એકટીવ કેસ ડીટેકશન એન્ડ રેગ્યુલર સર્વે, સ્પર્શ લેપ્રસી અવેરનેશ કેમ્પેઈન, હાર્ડ ટુ રીચ એરીયા કેમ્પેઈન, દર માસે ત્રીજા શુક્રવારે સર્વે જેવી ખાસ ઝુંબેશ હાથ ધરીને સઘન કામગીરી કરવામાં આવે છે. જેમાં જનરલ હેલ્થ સ્ટાફ અને આશાની ટીમો દ્વારા ઘરે-ઘરે તપાસ કરી રકતપિત્ત નવા દર્દી શોધીને ત્વરીત બહુ ઔષધિય સારવાર હેઠળ મુકી તેઓને રોગ મુકત કરવામા આવે છે તેમ વધુમાં જણાવાયું છે.

### આજે''મહાત્મા ગાંધી નિર્વાણ દિન'' અનુસંધાને

# ૧૨ વર્ષ કે તેનાથી નાની વયના બાળકો માટે મહાત્મા ગાંધી મ્યુઝિયમની મુલાકાત માટે નિઃશુલ્ક પ્રવેશ

રાજકોટ મહાનગરપાલિકાના મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ અને શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયાએ એક સંયુક્ત યાદીમાં જણાવ્યું હતું કે, મોહનદાસ ગાંધી વિદ્યાલય (આલ્ફ્રેડ હાઈસ્કુલ)માં પૂજ્ય મહાત્મા ગાંધીજીના જીવનના આદર્શો, જીવનચરિત્રો દર્શાવતું મ્યુઝિયમ બનાવવામાં આવ્યું છે જેનું લોકાર્પણ તા.૩૦/૦૯/૨૦૧૮નાં રોજ માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનાં વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. નાના બાળકો ગાંધીજીના જીવનમાંથી પ્રેરણા મેળવે તેવા ઉમદા હેતુથી મહાત્મા ગાંધી મ્યુઝિયમની મુલાકાત માટે ૧૨ વર્ષ કે તેનાથી નાની વયના બાળકો માટે નિઃશુલ્ક પ્રવેશ માટે વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટમાં નિર્ણય કરવામાં આવેલ. જેના



અનુસંધાને આવતીકાલ તા.૩૦/૦૧/૨૦૨૫ ''મહાત્મા ગાંધી નિર્વાણ દિન''ના દિવસે ૧૨ વર્ષ કે તેનાથી નાની વયના બાળકો માટે નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવશે.

આ મ્યુઝિયમમાં પૂજ્ય ગાંધીજીના જીવનના આદર્શો, જીવનચરિત્રો ઓડિયો, વિઝ્યુઅલ અને એલ.ઈ.ડી. સ્ક્રીન મારફત દર્શાવામાં આવ્યા છે. પૂજ્ય મહાત્મા ગાંધી મ્યુઝિયમમાં મ્યુઝિયમ ઉપરાંત વિવિધ આકર્ષણો વિકસાવવામાં આવ્યા છે જેમાં, ટિકિટ વિન્ડો, ક્લોકરૂમ, મુલાકાત માટે ગાઈડની સુવિધા, વિશાળ પાર્કિંગ વ્યવસ્થા, ગાર્ડન, લાઈબ્રેરી, વી.આઈ.પી. લોંજ, કોન્ફરન્સ રૂમ, સોવિનીયર શોપ, રેસ્ટોરન્ટ સહિતની સુવિધા છે. દરરોજ રાત્રે ૭ વાગ્યે પૂજ્ય ગાંધીજીના જીવનના આદર્શો દર્શાવતો લાઈટ એન્ડ સાઉન્ડ શો પ્રદર્શિત કરાય છે.

રાજકોટ શહેરના ૧૨ વર્ષ કે તેથી ઓછી ઉંમરના બાળકો પૂજ્ય મહાત્મા ગાંધીજીના જીવન પરથી પ્રેરણા અને આદર્શ મેળવે તે માટે આવતીકાલે તા.૩૦/૦૧''મહાત્મા ગાંધી નિર્વાણ દિન''ના રોજ વધુને વધુ બાળકો આ નિઃશુલ્ક સેવાનો લાભ મેળવે તે માટે મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ અને શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયા દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

# ૨ ફેબ્રુઆરી, ''વસંત પંચમી''



દર વર્ષે માઘ મહિનામાં વસંત પંચમીનો તહેવાર ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવે છે. આ દિવસે ભગવાન વિષ્ણુ, કૃષ્ણ, રાધા અને માતા સરસ્વતીને પીળા રંગનાં વસ્ત્રો અને ફૂલોથી શણગારીને ગુલાલ, ધૂપ-દીપ અને જળ અર્પણ કરીને તેમની પૂજા કરવામાં આવે છે. વસંત પંચમીનો તહેવાર સરસ્વતી પૂજા, શ્રી પંચમી, જ્ઞાન પંચમી તરીકે પણ ઓળખાય છે.

હિંદુ સંસ્કૃતિમાં વસંત પંચમીનો દિવસ તે વસંત ઋતુનો પ્રથમ દિવસ ગણવામાં આવે છે એટલે કે આ દિવસથી વસંત ઋતુની શરૂઆત થાય છે. આ દિવસને લઈને એવી માન્યતા છે કે આ દિવસે માતા સરસ્વતીની પૂજા કરવાથી બધી મનોકામના પૂરી થાય છે. શિક્ષણ ક્ષેત્ર સાથે જોડાયેલા લોકો માટે આ દિવસ વિશેષ મહત્વનો છે. વસંત પંચમીનો તહેવાર માઘ મહિનાનાં શુક્લ પક્ષની પાંચમનાં દિવસે ઉજવવામાં આવે છે. તમામ છ ઋતુઓમાં વસંતઋતુ ઋતુરાજ તરીકે ઓળખાય છે. એવું માનવામાં આવે છે કે માતા સરસ્વતીનો જન્મ વસંત પંચમીનાં દિવસે થયો હતો, તેથી આ દિવસે તેમની પૂજા કરવામાં આવે છે. આ દિવસને શિક્ષણ અથવા અન્ય કોઈ નવી કલાની શરૂઆત કરવા માટે શુભ માનવામાં આવે છે. વસંત પંચમીને દિવસે 'વસંત રાગ' ગાવાનું ખૂબ મહત્વ છે. વસંત રાગ ગાવાથી જીવનમાં પ્રસન્નતા થાય છે. ગીતાજીનાં દસમાં અધ્યાયમાં શ્રી કૃષ્ણ પરમાત્મા એમ કહે છે કે, ''ઋતુનામ્? કુસુમાકર'' અર્થાત્? 'ઋતુઓમાં વસંતઋતુ હું છું.' આમ, વસંત ઋતુ એ ભગવાનનું સ્વરૂપ છે. વિદ્યાર્થીઓ આ દિવસે માતા સરસ્વતીની પૂજા-આરાધના કરે છે અને તેમનાં આશિર્વાદ મેળવે છે.''યા દેવી સર્વભૂતેષુ વિદ્યારૂપેણ સંસ્થિતા'' ''સરસ્વતી નમસ્તુંભ્યમ વરદે કામરૂપિણી''

# નવા સ્પોર્ટસ સંકુલો કેવા હોવા જોઈએ? પ્રથમ વખત નિષ્ણાંતોના અભિપ્રાયો પરથી ડિઝાઈન બનશે

## વોર્ડ નં.૧૭ના પારડી રોડ પરની યોજના પૂર્વે કમિશનર તુષાર સુમેરાની એસો.ના પ્રતિનિધિઓ સાથે ચર્ચા માત્ર ઈજનેરોના જ્ઞાન મુજબ જ નહીં, રમત-ગમત સુવિધાની જરૂરીયાત મુજબ બાંધકામ કરવાની પ્રથમ વખત પહેલ

રાજકોટ, તા. ૨૯

મહાપાલિકા દ્વારા રમત-ગમત અને ફિટનેશ પ્રવૃત્તિને પ્રોત્સાહન માટે નવા સ્પોર્ટસ સંકુલો બનાવાઈ રહ્યા છે ત્યારે હવે કમિશનરે આવા સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ બનાવતા પૂર્વે જે તે સ્પોર્ટસના નિષ્ણાંતો અને એસો.ના હોદ્દેદારો સાથે બેઠક કરીને એકસપર્ટ એડવાઈઝ લેવાની પહેલ કરી છે.

કોઈપણ રમત-ગમતનું કોમ્પ્લેક્ષ બને તેમાં માત્ર ટેકનીકલ જ્ઞાનવાળા ઈજનેરો જ નહીં, રમત-ગમત ક્ષેત્રના નિષ્ણાંતો અને ખેલાડીઓની જરૂરીયાત ઉપરથી પણ સુવિધા ઉભી થાય તો ખેલાડીઓને નેશનલ અને ઈન્ટરનેશનલ કક્ષાની સુવિધા મળે તેવા પ્રયાસો કરવાનો હેતુ છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હાથ પર લેવામાં આવતા જુદાજુદા પ્રોજેક્ટસ લોકભોગ્ય બને તેમજ લક્ષ્યાંકિત લાભાર્થીઓને વધુ ને વધુ ઉપયોગી થઇ શકે અને પ્રોજેક્ટનો હેતુ ખરા અર્થમાં પરિપૂર્ણ



થાય તેવા આશય સાથે કમિશનર તુષાર સુમેરા દ્વારા નવી પહેલ શરૂ કરવામાં આવેલ છે. જે તે પ્રોજેક્ટના સ્ટેકહોલ્ડર્સ સાથે કન્સલ્ટેશન કરવાની પ્રણાલી અપનાવી છે, જેમાં સ્ટેકહોલ્ડર્સને પ્રોજેક્ટની રૂપરેખા સમજાવ્યા બાદ તેઓના સલાહસૂચન મેળવવામાં આવે છે.

મ્યુનિ. કમિશનરે જણાવ્યું હતું કે, જો કોઈપણ પ્રોજેક્ટને વધુ ને વધુ લોકભોગ્ય બનાવવો હોય તો તેના સ્ટેક હોલ્ડર્સના વિચારો અને તેઓના સલાહ સૂચનોથી વહીવટી તંત્ર વાકેફ થાય તો પ્રોજેક્ટની સફળતા વધુ નિશ્ચિત બને છે.

શહેરના વોર્ડ નં.૧૭માં બનનાર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ અનુસંધાને સ્પોર્ટ્સ સાથે સંકળાયેલા નિષ્ણાતો, કોચ અને સ્પોર્ટ્સપર્સન સાથે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું, આ બેઠકમાં સ્ટેક હોલ્ડર્સ સમક્ષ જે તે પ્રોજેક્ટની રૂપરેખા દર્શાવતું પ્રેઝન્ટેશન બતાવવામાં આવ્યું હતું. ત્યારબાદ તેઓ પાસેથી સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ પ્રોજેક્ટ અંગે સલાહસૂચનો મેળવી તેમના સૂચનો પ્રોજેક્ટમાં સામેલ કરવા કાર્યવાહી હાથ ધરાઇ છે.

વોર્ડ નં ૧૭માં પારડી રોડ ખાતે અધ્યતન સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ બનાવતા પૂર્વે તેમાં કઇ કઇ રમતોનો સમાવેશ કરવો અને આ કોમ્પ્લેક્સ સમગ્ર રીતે કેવું હોવું જોઈએ તે અંગે પરામર્શ પણ કરવામાં આવ્યો હતો. જે તે વિષયના નિષ્ણાંતોના સૂચનો પરથી કોમ્પલેક્ષમાં જરૂરી સુધારા કરવા કંધસલટન્ટ એજન્સીને સુચના પણ આપવામાં આવેલ છે.

એથ્લેટિક્સ એસો. સાથે જોડાયેલા કિશોરભાઈ હાપલીયાએ જણાવ્યું હતું કે, તેમની કારકિર્દીમાં પહેલી વખત કોઈ અધિકારીએ રમત-ગમતના એક્સપર્ટ સાથે બેઠક કરી અને ખરા અર્થમાં ખેલાડીને કેવા પ્રકારની વ્યવસ્થા જોઈએ છે તેના વિશે માર્ગદર્શન મેળવ્યું છે. એન્જિનિયરનું કામ માત્ર સ્ટ્રક્ચર બનાવવાનું હોય છે પણ ખરા અર્થમાં તે સ્ટ્રક્ચરમાં કેવા પ્રકારની સુવિધા હોવી જોઈએ તે ખેલાડીને જ ખબર હોય છે. આથી તેમના અભિપ્રાયો સામેલ થયે રમત-ગમત સંકુલો ખેલાડીઓની જરૂરીયાત પૂરી કરી શકશે.

સ્કેટિંગ રમતના એક્સપર્ટ હર્ષભાઈ પુજારાએ જણાવ્યું હતું કે, પ્રથમ વખત કોઈ અધિકારીએ સ્ટ્રક્ચર બનાવતા પહેલા ખેલાડીઓ સાથે બેઠક કરી અને ખેલાડીને કેવા પ્રકારનું ગ્રાઉન્ડ જોઈએ છે તેના વિશે માહિતી મેળવી છે. પૂરો પ્લાન સરસ છે. રાજકોટના સ્પોર્ટસ સંકુલોમાં નેશનલ લેવલની સુવિધાઓ પણ તેનાથી ઉભી થઇ શકશે. જેનો ફાયદો ખેલાડીઓને થશે.

# ૨૬મી જાન્યુઆરી ૭૬માં પ્રજાસત્તાક દિને કુત્બી મોહલ્લા (રાજકોટ) ખાતે ભારતના ધ્વજવંદન સમારોહ યોજાયો



રાજકોટઃ ૭૬માં પ્રજાસત્તાક દિન નિમિત્તે રાજકોટ શહેરના દાઉદી બોહરાઓની કુત્બી મસ્જિદ સેહેન ખાતે યાદગાર ધ્વજ ફરકાવવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ નોંધપાત્ર ઘટનામાં મૂમીનીની ઉત્સાહપૂર્વક ભાગીદારી જોવા મળી હતી, જેઓ આપણા રાષ્ટ્રની ભાવનાનું સન્માન કરવા માટે એકઠા થયા હતા,

આ પહેલનો ઉદ્દેશ યુવા દિમાગને પ્રેરણા આપવા અને આપણા ભાવિ નેતાઓમાં સર્જનાત્મકતાને પ્રોત્સાહિત કરવાનો છે. જેમા જનાબ શેખ હુસૈનભાઈ સાહીવાળા (આમીલ સાહેબ), આચાન ઉલ જમાત, એફએમબી, ઝાકેરીન, શબાબ, તોલોબા, બી.જી.આઈ, તાલેબાત, બુરહાની/સૈફી મહિલા, બુનાયત મુમેનીન અને ફરઝંદોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો અને સાથે SOS - સેવ અવર સ્પેરો (બુરહાની ફાઉન્ડેશન) બર્ડ ફીડર નુ ફરઝંદોએ વિતરણ કર્યું હતું, ચાલો એકતા, સર્જનાત્મકતા અને દેશભક્તિની ભાવના ફેલાવવાનું ચાલુ રાખીએ, તેમ શેખ યુસુફભાઈ જોહર કાર્ડસવાળાએ જણાવ્યું હતું.

# ઈશ્વરીયા પાર્કમાં હજુ બોટીંગની સુવિધા બંધ રહેશે : મેરીટાઈમ બોર્ડે હાથ ઉંચા કરી દીધા

## મંજુરી માટે હવે કલેક્ટર તંત્ર દ્વારા ઈન્ડીયન શીપીંગ રજિસ્ટ્રેશનમાં કરાશે દરખાસ્ત



રાજકોટ, તા.૨૯

શહેરની ભાગોળે આવેલ રમણીય સ્થળ એવા ઈશ્વરીયા પાર્કમાં બોટીંગની સુવિધા હજુ બંધ જ રહેશે. બોટીંગની સુવિધા માટે મંજુરી આપવા ગુજરાત મેરી ટાઇમ બોર્ડ દ્વારા હાથ ઉંચા કરી દેવામાં આવેલ છે.

ઈશ્વરીયા પાર્કના સરોવરમાં બોટીંગની સુવિધા શરુ કરવા માટે રાજ્ય સરકારની માર્ગદર્શિકા બાદ સીટી પ્રાંત-૧ કચેરી દ્વારા મેરીટાઇમ બોર્ડમાં મંજુરી માંગવામાં આવી હતી પરંતુ મેરીટાઇમ બોર્ડ દ્વારા બોટીંગની આ મંજુરી આપવાનું તેમના કાર્ય ક્ષેત્રમાં આવતું ન હોવાનું જણાવી દેવામાં આવેલ છે.

જેના પગલે હવે કલેક્ટર તંત્ર દ્વારા ઈશ્વરીયા પાર્કમાં બોટીંગની સુવિધા શરુ કરવા માટે ઈન્ડિયન શીપીંગ રજીસ્ટ્રેશન જામનગર ખાતે મંજુરી માંગતી દરખાસ્ત કરવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે.

અહીં એ ઉલ્લેખનીય છે કે, વડોદરાની હરણી બોટ દુર્ઘટના બાદ રાજ્ય સરકાર દ્વારા રાજકોટ સહિત રાજ્યભરના જળાશયોમાં બોટીંગ કરવા પર પ્રતિબંધ ફરમાવી દેવામાં આવેલ છે. જેના લાંબા સમય બાદ રાજ્ય સરકાર દ્વારા આ માટે ખાસ માર્ગદર્શિકા થોડા સમય પહેલા જાહેર કરી છે અને સરકારની આ માર્ગદર્શિકા મુજબ જ બોટીંગની સુવિધા શરુ કરવા માટે મંજુરી લેવાનું ફરમાન કરેલ છે.

પરંતુ ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા ઈશ્વરીયા પાર્કમાં સરોવરમાં બોટીંગની સુવિધા માટે મંજુરી આપવી એ તેઓના કાર્યક્ષેત્રમાં આવતું ન હોવાનું જણાવી દેવાતા હવે આ માટે કલેક્ટર તંત્ર ઇન્ડિયન શીપીંગ રજીસ્ટ્રેશનમાં દરખાસ્ત કરવામાં આવનાર છે.

# લોકસભાનું ચોથું સત્ર શુક્રવારથી શરૂ

## કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારમણ ૧ ફેબ્રુઆરીએ કેન્દ્રીય બજેટ રજૂ કરશે



નવી દિલ્હી,તા.૨૯

ભારતીય સંસદના બજેટ સત્રની તારીખ જાહેર કરવામાં આવી છે. ૩૧મી જાન્યુઆરી ૨૦૨૫થી બજેટ સત્ર શરૂ થવા જઈ રહ્યું છે. ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ૩૧ જાન્યુઆરીએ સંસદ, લોકસભા અને રાજ્યસભાના બંને ગૃહોને સંબોધિત કરશે. રાષ્ટ્રપતિ મુર્મુના સંબોધન પછી, કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારમણ ૧ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ દેશનું કેન્દ્રીય બજેટ રજૂ કરશે.

લોકસભા સચિવાલય દ્વારા બજેટ સત્ર અંગે સત્તાવાર સૂચના જારી કરવામાં આવી છે. તે કહે છે કે, ૧૮મી લોકસભાનું ચોથું સત્ર શુક્રવાર, ૩૧ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ શરૂ થશે. સરકારી કામકાજ શુક્રવાર, ૪ એપ્રિલ, ૨૦૨૫ના રોજ સમાપ્ત થવાની સંભાવના છે. તમને જણાવી દઈએ કે સંસદના બજેટ સત્રના બે ભાગ હશે. બજેટ સત્રનો પહેલો ભાગ ૩૧ જાન્યુઆરી ૨૦૨૫થી શરૂ થશે અને ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ સમાપ્ત થશે. જ્યારે, બજેટ સત્રનો બીજો ભાગ ૧૦ માર્ચ, ૨૦૨૫ થી શરૂ થશે અને ૪ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ સમાપ્ત થશે. ૩૧ જાન્યુઆરીથી ૧૩ ફેબ્રુઆરી સુધીના બજેટ સત્રના પહેલા ભાગમાં કુલ ૯ બેઠકો યોજાશે. જેમાં પીએમ મોદી રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવનો જવાબ આપશે. આ સાથે નાણામંત્રી નિર્મલા સીતારમણ બજેટ પરની ચર્ચાનો જવાબ આપશે. આ પછી સંસદ બજેટ પ્રસ્તાવોની તપાસ માટે વિરામ લેશે. આ પછી, વિવિધ મંત્રાલયો પાસેથી અનુદાનની માંગણીઓ પર ચર્ચા કરવા અને બજેટ પ્રક્રિયાને પૂર્ણ કરવા માટે ૧૦ માર્ચથી સંસદ ફરીથી બીજા ભાગમાં મળશે. આ પછી સત્ર ૪ એપ્રિલે સમાપ્ત થશે. એટલે કે આખા બજેટ સત્રમાં ૨૭ બેઠકો થશે.

કેન્દ્રીય બજેટ સત્ર અગાઉ ૩૦ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ સર્વપક્ષીય બેઠક બોલાવવામાં આવશે. કેન્દ્રીય સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજુએ આ અંગે માહિતી આપી છે. કિરેન રિજિજુએ બજેટ સત્ર દરમિયાન ગૃહમાં સરળ ચર્ચા માટે વિરોધ પક્ષો પાસેથી સહકારની અપીલ કરી છે. કેન્દ્રીય મંત્રી રિજિજુએ પણ કહ્યું છે કે તેમને આશા છે કે નાણામંત્રી નિર્મલા સીતારમણ સારું અને સંતુલિત બજેટ રજૂ કરશે.

# માંદી સરકારી કંપનીઓ માટે રૂ.૧૩,૦૦૦ કરોડના રાહત પેકેજની યોજના બનાવાઇ

નવી દિલ્હી ૨૦૨૫ના એક મહિના કરતાં પણ ઓછા સમય પહેલા, કેન્દ્ર સરકાર બે સરકારી માલિકીની કંપનીઓને બચાવવા માટે લગભગ ૧.૫ બિલિયન ડોલરના (રૂ.૧૩ હજાર કરોડ) બેલઆઉટ પેકેજની યોજના બનાવી રહી છે, જેને તે ખાનગી કંપનીઓને વેચવામાં નિષ્ફળ ગઈ છે. સરકારે ઓછામાં ઓછા નવ સરકારી એકમોના ખાનગીકરણને મુલતવી રાખવાનો નિર્ણય લીધો છે, જેનો સંબંધિત મંત્રાલયો દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો હતો.

જે કંપનીઓનું ખાનગીકરણ મુલતવી રાખવામાં આવ્યું છે તેમાં મદ્રાસ ફર્ટિલાઇઝર્સ, ફર્ટિલાઇઝર કોર્પોરેશન ઓફ ઇન્ડિયા, અને (ઇન્ડિયા)નો સમાવેશ થાય છે. હાઉસિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશનને પણ ખાનગીકરણ માટે ચિહ્નિત કરવામાં આવ્યું હતું.

સરકારી ભંડોળથી પુનર્જીવિત થનારી સરકારી માલિકીની કંપનીઓમાં હેલિકોપ્ટર ઓપરેટર પવન હંસનો સમાવેશ થાય છે. સરકારી સૂત્રોએ જણાવ્યું હતું કે સરકાર તેના જૂના કાફલાને આધુનિક બનાવવા માટે પવન હંસમાં ૨૩૦-૩૫૦ મિલિયન ડોલરનું રોકાણ કરવાની યોજના બનાવી રહી છે. આ કંપનીને વેચવાના ચાર પ્રયાસો નિષ્ફળ ગયા છે. ગયા અઠવાડિયે, સરકારે દેવામાં ડૂબેલી સ્ટીલ ઉત્પાદક રાષ્ટ્રીય ઇસ્પાત નિગમ લિમિટેડ ()ના પુનરુત્થાન માટે ૧.૩ બિલિયન ડોલરના પેકેજની જાહેરાત કરી હતી. ચાલુ વર્ષના બજેટ દસ્તાવેજો અનુસાર, સરકારે ૨૦૨૪-૨૫માં સરકારી ટેલિકોમ કંપની ના બોન્ડ ચુકવણી માટે ૮૦ અબજ રૂપિયા ફાળવ્યા છે.

# રાજકોટમાં સિટી અને BRTS બસની ટિકિટ ચેકિંગમાં ૧૯ લોકો ટિકિટ વિના મુસાફરી કરતા ઝડપાયા, ૩ કંડકટર સસ્પેન્ડ



રાજકોટઃ રાજકોટ મનપાની રાજકોટ રાજપથ કંપની દ્વારા ૭૩ રૂટ પર ૧૯૯ બસ દ્વારા શહેરી પરિવહન સેવા પૂરી પાડવામાં આવે છે. જોકે તેમાં થતી ગેરરીતિ અંગે માહિતી જાહેર કરવાનું ઘણા સમયથી બંધ કરાયું હતું. મનપા દ્વારા લાંબા સમય બાદ ફરી સિટી અને ઇલ્ક્ટ્રિક બસ સેવામાં પકડાતી અનિયમિતતા અંગેની માહિતી જાહેર કરવાનું ફરી શરૂ કરાયું છે. જેમાં આજે જાહેર કરવામાં આવેલી માહિતી મુજબ ટિકિટની ચેકિંગ ડ્રાઈવમાં વગર ટિકિટે મુસાફરી કરતા ૧૯ મુસાફરો ઝડપાયા હતા. આ તમામને રૂપિયા ૧૧૦-૧૧૦નો દંડ કરવામાં આવ્યો હતો. જ્યારે ગેરરીતિ બદલ ૩ કંડકટરને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

પ્રાપ્ત વિગત મુજબ આજે ટિકિટ ચેકિંગ માટેની ડ્રાઈવ યોજવામાં આવી હતી. ટિકિટ આપવાની કામગીરીમાં અનિયમિતતા સબબ પકડાયેલા કુલ ૩ કંડકટરોને ફરજ મુક્ત કરી કંડકટર સપ્લાય કરતી એજન્સીને રૂપિયા ૬૦૦૦ની પેનલ્ટી ફટકારવામાં આવી હતી. આ ઉપરાંત ટિકિટ વગર મુસાફરી કરતા ૧૯ પાસેથી પણ રૂપિયા ૨૦૯૦ની પેનલ્ટીની વસુલાત કરવામાં આવી હતી. એટલું જ નહીં સિટી બસ ઓપરેટર એજન્સીની કામગીરીની અનિયમીતતા બદલ રૂપિયા ૨૩૭૨ની પેનલ્ટી ફટકારવામાં આવી હતી.

આ ખાસ ડ્રાઈવના કારણે સિટી બસ સેવામાં મુસાફરી કરતા મુસાફરોની સંખ્યા તથા ટિકિટની આવકમાં વધારો થયો છે. મનપાએ જણાવ્યું હતું કે, બસમાં ટિકિટ લેવી તે મુસાફરની પ્રાથમિક જવાબદારી છે. અને વગર ટિકિટ મુસાફરી કરતા પકડાય તો દંડનિય કાર્યવાહી થઈ શકે છે. આ ઉપરાંત ટિકિટ આપવા અંગે કંડકટર દ્વારા કોઈપણ પ્રકારની અનિયમીતતા ધ્યાને આવે તો મુસાફરો કોલ સેન્ટર નંબર ૧૫૫૩૦૪ પર ફરિયાદ કરી શકે છે.



# ઠંડીના કહેર બાદ દેશમાં ભિષણ ગરમી પાંચ ગણી વધી શકે છે

## આઈઆઈટી બોમ્બે અને ઈટીએચ જયુરિખના સંયુકત અધ્યયનમાં સનસનીખેજ ખુલાસો યુરોપમાં ઠંડીની તુલનામાં ગરમીથી વધુ લોકો મરશે

નવી દિલ્હી,તા.૨૯

કાતિલ શિયાળાએ દેશભરમાં આ વખતે કહેર મચાવ્યો છે. ત્યારે ભારતમાં આ વખતે ભીષણ ગરમીની આગાહી કરવામાં આવી છે. છેલ્લા કેટલાંક વર્ષોથી ઋતુઓ એકસ્ટ્રિમ-ચરમ થઈ રહી છે. જલવાયુ પરિવર્તન ગ્લોબલ વોર્મીંગનાં કારણે હીટવેવનો દોર લાંબો ચાલવાની આશંકા છે. આઈઆઈટી બોમ્બ અને ઈટીઓચ જયુરીખની સંયુકત સંશોધનમાં આ તથ્યો બહાર આવ્યા છે. અધ્યયન અનુસાર જો તાપમાન ૧.૫ ડીગ્રી સેલ્સીયસ વધે છે તો સદીના મધ્ય અને અંત સુધીમાં ભારતમાં ગરમીના દિવસોની સંખ્યા પાંચ ગણી વધી જશે. જો તાપમાન બે ડીગ્રી વધે છે. તો સદીના અંત સુધીમાં ભીષણ ગરમીનાં દિવસોની સંખ્યામાં આઠ ગણો વધારો થશે. હાલત જો આવી જ રહી તો વર્ષ ૨૧૦૦ સુધી ગરમીની સ્થિતિ બેકાબુ થઈ જશે.

### સમુદ્રનું સ્તર ૧.૯ મીટર વધશે


નાનયાંગ ટેકનોલોજીકલ યુનિવર્સીટીનાં અધ્યયનમાં જણાવાયું હતું કે, વર્ષ ૨૧૦૦ સુધીમાં દુનિયાભરનાં સમુદ્રનાં સ્તરમાં ૦.૫ થી ૧.૯ મીટરનો વધારો થશે. આ સંયુકત રાષ્ટ્રના અનુમાન ૦.૬ થી ૧.૬ મીટરથી ૯૦ સેન્ટીમીટર વધુ છે.જર્નલ અક્ષર્સ ફયુચરમાં પ્રકાશિત અધ્યયનમાં જણાવાયું હતું કે, ગ્લેશીયર પીગળવા જેવી ઘટનાઓના કારણે સમુદ્રનું જલસ્તર વધશે.આ ઉપરાંત કેટલીક અનિશ્ચિત ઘટનાઓ પણ સામેલછે. યુરોપમાં ઠંડીની તુલનામાં ગરમીથી વધુ લોકો મરશે યુરોપમાં જલવાયું સંકટના કારણે આવનારા દિવસોમાં ઠંડીની તુલનામાં અનેક ગણા લોકો ગરમીથી મરશે.

### તો આવી ભીષણ ગરમી હશે

સંશોધકોએ પોતાના અધ્યયનમાં કહ્યું છે કે, પૃથ્વીના સરેરાશ તાપમાન વૃધ્ધિને ૧.૫ ડીગ્રી સેલ્સીયસ સુધી સીમિત કરવાથી સદીના અંત સુધીમાં ભીષણ ગરમીની સંભાવના ૨૫ થી ૪૪ ટકા ઓછી આવી શકે છે. જોકે દાવો કરવામાં આવ્યો છે કે ગ્લોબલ વોર્મીંગનાં કારણે હીટવેવ વધુ ગંભીર થશે.આ અગાઉની તુલનામાં અધિક થશે.કાતિલ શિયાળાએ દેશભરમાં આ વખતે કહેર મચાવ્યો છે. ત્યારે ભારતમાં આ વખતે ભીષણ ગરમીની આગાહી કરવામાં આવી છે. છેલ્લા કેટલાંક વર્ષોથી ઋતુઓ એકસ્ટ્રિમ-ચરમ થઈ રહી છે. જલવાયુ પરિવર્તન ગ્લોબલ વોર્મીંગનાં કારણે હીટવેવનો દોર લાંબો ચાલવાની આશંકા છે. આઈઆઈટી બોમ્બ અને ઈટીઓચ જયુરીખની સંયુકત સંશોધનમાં આ તથ્યો બહાર આવ્યા છે. અધ્યયન અનુસાર જો તાપમાન ૧.૫ ડીગ્રી સેલ્સીયસ વધે છે તો સદીના મધ્ય અને અંત સુધીમાં ભારતમાં ગરમીના દિવસોની સંખ્યા પાંચ ગણી વધી જશે. જો તાપમાન બે ડીગ્રી વધે છે.

# રાજકોટ જિલ્લાની પાંચ પાલિકાની ૧૬૮ બેઠકો માટે ૨૮૦ ઉમેદવારી ફોર્મ ઉપાડ્યા

## તાલુકા પંચાયતની ૬ બેઠકો માટે ૩૦ ફોર્મનો ઉપાડઃ ધોરાજી પાલિકામાં ત્રણ ઉમેદવારોના નામાંકનપત્રઃ તા.૧ સુધી ફોર્મ ભરી શકાશે, તા.૪ના સાંજે ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થશે



રાજકોટ, તા.૨૯

રાજકોટ જિલ્લાની જસદણ, જેતપુર, ધોરાજી, ભાયાવદર અને ઉપલેટા એમ પાંચ નગરપાલિકાની આગામી તા.૧૬ ફેબ્રુઆરીના યોજાનારી ચૂંટણીમાં અત્યાર સુધીમાં ૨૮૦ ઉમેદવારોએ ફોર્મ ઉપાડ્યા છે.

જ્યારે આ પાંચેય નગરપાલિકાની ચૂંટણી સાથે ઉપલેટા, જસદણ, જેતપુર અને ગોંડલ એમ ચાર તાલુકા પંચાયતની ૬ બેઠકોની પેટા ચૂંટણી પણ આયોજીત કરવામાં આવેલ હોય આ તાલુકા પંચાયતની છ બેઠકો પર ઉમેદવારોએ ૩૦ જેટલા ફોર્મ ઉપાડ્યા છે. તેમજ ધોરાજી નગરપાલિકામાં અત્યાર સુધીમાં ૩ ઉમેદવારોએ ફોર્મ ઉપાડી તેને ભરી સબમીટ કરાવેલ છે.

જિલ્લામાં આ પાંચેય નગરપાલિકાની ૪૨ વોર્ડની ૧૬૮ બેઠકો માટે યોજાનારી આ ચૂંટણીમાં રસાકસીભર્યો જંગ ખેલાનાર છે આ માટે ભાજપ-કોંગ્રેસ સહિતના પક્ષોએ એડીચોટીનું જોર લગાવી દીધું છે. આ ચૂંટણીમાં ઉમેદવારો તા.૧ સુધી ઉમેદવારી ફોર્મ ભરી શકશે.

જ્યારે ત્રણ ફેબ્રુઆરીના ઉમેદવારી ફોર્મની ચકાસણી કરાશે તેમજ ૪ ફેબ્રુઆરીના ઉમેદવારી ફોર્મ પરત ખેંચી શકાશે. જે બાદ જ આ ચૂંટણીનું આખરી ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થશે. આ ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં યોજાઇ તે માટે વહીવટીતંત્ર દ્વારા તડામાર તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

# વોર્ડ નં.૧ની મારૂતિનંદન સોસાયટીના બાળકોને આંગણવાડી જવામાં જોખમ!



## કમિશનર રસ્તો કાઢે રસ્તા, ગટરના ત્રાસ અંગે આવેદનપત્ર

રાજકોટ, તા.૨૯

શહેરના વોર્ડ નં.૧માં જામનગર હાઇવે પર પરાપીપળીયા ગામના પાટીયા પાસે મારૂતિનંદન સોસાયટી આવેલી છે. આ સોસાયટીમાં ગટર, રસ્તા, આંગણવાડી સહિતના પ્રશ્નો અંગે આજે આમ આદમી પાર્ટી દ્વારા મ્યુનિ. કમિશનરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

આ રજુઆતમાં લત્તાવાસીઓએ જણાવ્યું છે કે અહીં ૧૫૦થી વધુ પરિવારો માટે ગટરની કોઇ વ્યવસ્થા કરવામાં આવતી નથી. ચોમાસા સહિતના દિવસોમાં ખાડાવાળા રસ્તા પર અકસ્માતોની ઘટના બને છે.

નાના બાળકો માટે આંગણવાડીની વ્યવસ્થા માટે કોર્પોરેટરોને રજુઆત કરવામાં આવી છે. આ વિસ્તારની, ઘંટેશ્વરની અને એસઆરપી કેમ્પની આંગણવાડીમાં આ વિસ્તારના બાળકોને પ્રવેશ આપવામાં આવતો નથી.

મારૂતિનંદન સોસાયટીમાં ત્રણથી સાત વર્ષના અંદાજે ૭૦૦થી વધુ બાળકો છે. જેમને હાઇવે ક્રોસ કરીને બે કિ.મી. દુર આંગણવાડીમાં જવું પડે છે. આથી આ પ્રશ્નનો વહેલાસર ઉકેલ લાવવા રજુઆત કરવામાં આવી છે.




# જીડીપીમાં ૮.૨૦ ટકાના યોગદાન સાથે ભારતના આર્થિક વિકાસમાં ગુજરાતનો પણ સિંહફાળો

- સિંગલ વિન્ડો પોર્ટલ માટે ઈન્વેસ્ટર ફેસિલિટેશન પોર્ટલ વિકસાવનાર ગુજરાત દેશનું સૌપ્રથમ રાજ્ય બન્યું
- છેલ્લા એક દાયકામાં અંદાજે રૂ. ૩.૯૬ લાખ કરોડનું વિદેશી તેમજ રૂ. ૧૮.૪૬ લાખ કરોડનું સ્થાનિક રોકાણ

ગાંધીનગર,તા.૨૯

ગુજરાત નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં દેશના જીડીપીમાં નોંધપાત્ર ૮.૨૦ ટકાના યોગદાન સાથે ભારતના આર્થિક વિકાસમાં મુખ્ય ફાળો આપનાર રાજ્ય બન્યું છે. વર્ષ ૨૦૧૫માં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દૂરદેશી નેતૃત્વ હેઠળ વ્યાપાર કરવામાં વધુ સરળતા રહે તે માટે પ્રથમવાર 'બિઝનેસ રિફોર્મ એક્શન પ્લાન'ની પહેલ કરવામાં આવી હતી. જેને અનુલક્ષીને રાજ્યમાં વ્યવસાય કરવામાં અનુકૂળતા રહે તે માટે 'ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ' હેઠળ સ્ટેટ, યુટીરેન્કિંગ, એસેસમેન્ટની શરૂઆત કરવામાં આવી હતી. ગુજરાત સરકારના વ્યવસાય અને પ્રજાલક્ષી અભિગમના ફળસ્વરૂપે રાજ્યમાં છેલ્લા એક દાયકામાં એટલે કે વર્ષ ૨૦૧૫ થી ૨૦૨૪ દરમિયાન અંદાજે કુલ રૂ. ૩.૯૬ લાખ કરોડનું વિદેશી તેમજ રૂ. ૧૮.૪૬ લાખ કરોડનું સ્થાનિક રોકાણ આવ્યું છે. આમ, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં તથા ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપુત, રાજ્ય ઉદ્યોગ મંત્રી હર્ષ સંઘવી અને રાજ્ય મંત્રી જગદીશ વિશ્વકર્માના નેતૃત્વમાં ગુજરાત 'ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ' રેન્કિંગમાં અગ્રણી રાજ્ય તરીકે ઉભરી આવ્યું છે.

સિંગલ વિન્ડો ઈન્વેસ્ટર ફેસિલિટેશન પોર્ટલ વિકસાવનાર ગુજરાત દેશનું અગ્રણી રાજ્ય બન્યું છે. જે પોર્ટલના માધ્યમથી ઉદ્યોગકારો અને વેપારજગત સાથે સંકળાયેલા વ્યવસાયકારોને એક જ ઓનલાઈન પોર્ટલ દ્વારા વ્યવસાયિક મુખ્ય સેવાઓ મળી રહે છે. ઈન્વેસ્ટર ફેસિલિટેશન પોર્ટલ પર રાજ્યના ૧૮ જેટલા વિભાગો સંબંધિત ૨૦૦થી વધુ બિઝનેસ સેન્ટ્રીક સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે, જે અંતર્ગત અત્યાર સુધીમાં ૨૦ લાખથી વધુ અરજીઓ પર પ્રક્રિયા કરવામાં આવી છે. રાજ્યના ગુજરાત રાઈટ ઓફ સિટીઝન ટુ પબ્લિક સર્વિસીસ અધિનિયમ, ૨૦૧૩ હેઠળ જારી કરવામાં આવેલ સેવા વિતરણનો સમયગાળો નિર્ધારિત કરવામાં આવેલ છે, જેને નિયમિત રીતે ડિસ્ટ્રિક્ટ લેવલ ફેસિલિટેશન કમીટી દ્વારા મોનીટર કરવામાં આવે છે. આ ઉપરાંત ગુજરાત ફેસિલિટેશન ઓફ એસ્ટાબ્લિશમેન્ટ એન્ડ ઓપરેશન અધિનિયમ, ૨૦૧૯ અંતર્ગત તમામ નવા સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગોને ૩ વર્ષના સમયગાળા માટે રાજ્યની પરવાનગીઓ મેળવવામાંથી મુક્તિ મળે છે. આવી પરવાનગીઓ મેળવવા માટે ૩ વર્ષ ઉપરાંત, વધારાના ૬ મહિનાનો સમયગાળો પણ આપવામાં આવે છે.

ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ, મંત્રાલય હેઠળ કાર્યરત ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ દ્વારા ઈઝ ઓફ ડુઇંગ બિઝનેસ રેન્કિંગમાં ગુજરાતને દેશમાં નટોપ એચિવરસ્ત્ર તરીકે સ્થાન આપવામાં આવ્યું છે. તા.૫ સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ આયોજિત ઉદ્યોગ સમાગમ ૨૦૨૪ દરમિયાન ગુજરાતને ટોચની સિદ્ધિ મેળવનાર રાજ્ય તરીકે પુરસ્કાર પણ આપવામાં આવ્યો હતો. ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૫માં ૨૮૫, વર્ષ ૨૦૧૬માં ૩૪૦, વર્ષ ૨૦૧૭-૧૮માં ૩૭૨ તેમજ વર્ષ ૨૦૧૯માં ૧૮૭ રિફોર્મ્સ અમલમાં મૂકવામાં આવ્યા છે. વ્યવસાયકારો અને નાગરિકો પર કમ્પ્લાયન્સ બોજ ઘટાડવા માટે રિફોર્મના અમલીકરણમાં ગુજરાત હંમેશા અગ્રેસર રહ્યું છે. રાજ્ય સરકારે અત્યાર સુધીમાં ૨,૬૫૨ બિઝનેસ સેન્ટ્રીક તથા ૨૯૪ સીટીઝન સેન્ટ્રીક કમ્પ્લાયન્સીસ સાથે કુલ ૨,૯૪૬ કમ્પ્લાયન્સીસનો બોજ ઘટાડ્યો છે. જેમાં, ઉદ્યોગ સાહસિકોને લગતા ગૌણ અપરાધો માટે જેલની સજાની જોગવાઈઓને દૂર કરવા માટે ૨૦૮ જોગવાઈઓનું ડિક્રિમીનલાઈઝેશન કરવામાં આવ્યું છે. રાજ્ય સરકારે ૯ જેટલા શ્રમ કાયદાઓને ડિક્રિમીનલાઇઝ કર્યા છે. તાજેતરમાં રાજ્ય સરકારે પ્રોફેશનલ ટેક્સ સ્લેબના ત્રણ સ્લેબમાંથી સિંગલ સ્લેબમાં સરળીકરણ કર્યું છે. નવા પ્રોફેશનલ ટેક્સ પ્રમાણે દર મહિને રૂ. ૧૨,૦૦૦થી ઓછી આવકવાળાને ટેક્સ ભરવામાંથી

ૐકારા

કર્મ એજ ધર્મ | સનાતન એજ સત્ય | આત્મા એજ પરમાત્મા

સનાતન પુનઃઉત્થાન અને સ્થાપનાના મહાસંકલ્પના ધારક



## પ.પુ. શ્રી ૐ કારા પ્રભુ - ૐ દાદા

હું સૌનો સૌ અમારા, સૌનું સૌને અર્પણ

**: સ્થાપક :**

**(૧) ૐકારા સંપ્રદાય (૨) ૐદાદા ફાઉન્ડેશન (૩) ૐકારા મહાસંઘ**

સમય અને ભાગ્ય બંને પરિવર્તનશીલ હોય છે માટે સારા સમયમાં અભિમાન અને ખરાબ સમયમાં ચિંતા ના કરો. બંને જરૂર બદલાશે.. કર્મો પ્રત્યે સજાગ રહીએ..

1. Facebook.com/omkaraprabhuji
2. Instagram.com/omkaraprabhuji
3. X.com/omkaraprabhuji
4. Youtube.com/@omkaraprabhuji
5. whatsapp.com/channel/0029VaE9O9e2v1Ip5ipCAR3n

ૐ જ છે આસ્થા,
ૐ માં છે વિશ્વાસ ૐમાં
છે શક્તિ, ૐમાં છે
સંસ્કાર ૐ થી જ થાય છે
સારા દિવસની શરૂઆત
બોલો ૐ ૐ ૐ


7 ACRE OF GRANDIOSITY
IN THE HEART OF RAJKOT
SAPPHIRE
Skyline
Magnificent
4 BHK Flats & Penthouses
Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
JS
GROUP
@ KALAWAD ROAD,
NEAR CRYSTAL MALL
Contact Us. 73000 60030 • 92746 11111
KALAVID


RAVI ENGLISH INSTITUTE ®
SINCE 2003
Ravi ENGLISH INSTITUTE
Where Growth is A Way of Life
A/C Class
ધો.૪ થી ૧૨ તેમજ ટેટ, ટાટ અને
સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તેમજ ઈઝરાયલ
જેવા દેશોમાં કેર ટેકર તરીકે જવા
ઈચ્છુક વ્યકિતઓ માટે અંગ્રેજી ભાષાનું સચોટ શિક્ષણ.
અંગ્રેજી આટલું સરળ?
એક વખત અચૂક મુલાકાત લો...
Rasik Mehta
+919879329391
SPOKEN ENGLISH
૧૦૦% રીઝલ્ટ
ઓરીએન્ટેડ ગેરેન્ટી
Learn English
Language With
Money Back
Guarantee..
FREE
TRIAL
3 DAYS
અમારી વિશિષ્ટતાઓ
બધા લેવલ એક જ ફી માં કરાવતી એકમાત્ર સંસ્થા.
ધોરણ ૫ થી ૧૨ નું અંગ્રેજી વિષયનું શિક્ષણ પણ મેળવો.
દરેક બેચમાં મર્યાદિત સંખ્યા અને વ્યકિતગત માર્ગદર્શન.
ડેઈલી-વિકલી-મંથલી રીવીઝન સીસ્ટમ.
પ્રોજેકટર + કોમ્પ્યુટર દ્વારા આધુનિક શિક્ષણ.
૧૦,૦૦૦ જેટલા વાકયો તેમજ૧૦,૦૦૦ જેટલા
શબ્દોનું જ્ઞાન પિરસતી એકમાત્ર સંસ્થા.
નવી બેચિઝ
ટૂંક સમયમાં શરૂ.
SCAN TO
ENJOY VIDEO
FOLLOW US:
Ravi English Institute
You Tube
art house
હેડઓફિસ :
''શ્રી હરી કોમ્પલેક્ષ'' પહેલા માળે, યુનિ. રોડ,
ધોળકીયા સ્કુલ સામે, શેરી નં.૭ નો ખુણો,
બોમ્બે હાઉસીંગ સોસાયટી મેઈન રોડ,
રાજકોટ. MO. 98793 29391
બ્રાન્ચ ઓફિસ :
૧૫૦ ફુટ રીંગ રોડ, બાલાજી હોલ પાછળ,
ધોળકીયા સ્કુલ પાસે સાગર ચોક,
શિવમ કોમ્પલેક્ષ, પહેલા માળે, રાજકોટ.
MO. 98245 81306


RAR Foundation
॥ જય માતાજી ॥
॥ જય માં આશાપુરા ॥
સ્વ. મહિપતસિંહજી ભાવુભાબાપુ જાડેજા-રીબડા
માજી ધારાસભ્યશ્રી - ગોંડલ
ની દ્વિતીય પુણ્યતીથીના સ્મરણાર્થે
થેલેસેમિયા તથા ગંભીર બીમાર દર્દીઓ માટે
મહા રક્તદાન કેમ્પ
દ્વિતીય
1 ફેબ્રુઆરી 2025, શનિવાર
સમય
સવારે ૯:૦૦ થી બપોરે ૨:૦૦ કલાક સુધી
સ્થળ
શ્રી મહિરાજ બજરંગબલી મંદિરની પાછળ નેશનલ હાઈવે, રીબડા.
રાજદિપસિંહ અનિરુદ્ધસિંહ જાડેજા રીબડા
સંસ્થાપક : RAR ફાઉન્ડેશન ભારત

નો ફેવર, નો ફિઅર...
# સામના મિરર
Daily Morning Newspaper



ડિજિટલ ભારતની સાથે
તમે પણ બનો ડિજિટલ...



તમારા ધંધા-વેપારની
જાહેરાત 'સામના મિરર'માં
આપી આપના
વ્યવસાયને પહોંચાડો
લાખો વાંચકો સુધી...





મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા
વોટ્સએપ પર
Hi લખીને મોકલો
98983 17826



અને જોડાઇ જાવ અમારી સાથે...


SAPPHIRE GOLD
Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
RAJKOT | MUMBAI | AHMEDABAD
jmjprojects.in
સેફાયર છે ને.. !!
શું કામ ન મળે સપનાનું ઘર...
2 BHK Flats
618 Carpet
3 BHK Flats
824 Carpet
એકવાર સેમ્પલ ફ્લેટ તો જુઓ, બીજું કંઇ નહીં ગમે...
@ Raiya Road, Opp. Tulsi Super Market, Rajkot
Contact : 94038 90004
RERA Reg. No.: PR/GJ/RAJKOT/RAJKOT/Others/MAA 12629/111123
Web : gujrera.gujarat.gov.in

# PROPERTY ZONE

(૧) મનહર પ્લોટ શેરી નંબર સાતમાં પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે સામે ખેતીલાયક જમીન ચાલશે ૮૦.હજાર ભાડાની આવક સાથે સામે ખેતીની જમીન ચાલશે

(૨) રૈયા રોડ પર ૩૫૮ વાર જગ્યા વેચવાની છે દરેક ધંધાને અનુરૂપ રોડ ટચ

(૫) પંચવટી સોસાયટી ૩૦૫ વાર પ્લોટ વેચવાનો છે

(૬) પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે ત્રણ બેડરૂમ હોલ કિચન લોકેશન સુભાષ નગર મેઈન રોડ

(૭) રૈયા રોડ આલા ગ્રીન સિટી પાસે ૨ બીએચકે નો ફ્લેટ વેચવાનો છે ૬૮૦ કાર્પેટ, લક્ઝરી ફર્નિચર સાથે સાતમો માળ

**રાજકોટના પોર્સ વિસ્તારમાં પ્રોપર્ટી લે-વેચ કરવા માટે અમારો સંપર્ક કરવો**
**મોબાઈલ નં. ૯૯૨૪૧ ૪૭૦૫૯ રમેશભાઈ વાગડીયા**

# તાત્કાલિક કસમાં ચાલુ વ્યવસાય સાથેનો શોરૂમ વેચવાનો છે

**કાલાવડ રોડ પરિમલ સ્કુલ ની સામે જયસીયારામ ટીસ્ટોલની બાજુમાં મોં. 98983 17826**


લાઈફ ટાઈમ*
ડિમેટ એકાઉન્ટ ફ્રી
AM TRADING
ફ્રી એડવાઇઝરી
EQUITY STOCK
IPO/SME IPO
OPTION TRADING
NIFTY BANK NIFTY
COMODITY
CURRANCY
Design by:- With Me Digital : 9537300305
દરરોજ ફ્રી માહિતી મેળવવા માટે આપેલ QR CODE SCAN કરીને જોઈન કરો.
Mayuri Bagadai
63555 17630
AM trading
am_trading71


VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઈ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062